# અક્ષરધામ

લેખન-સંકલન:  નૈષધ કે. માંડલિયા

પ્રકાશક: narayanleela.org

# અક્ષરધામ

લેખન-સંકલન: નૈષધ કે. માંડલિયા

પ્રકાશક: narayanleela.org

સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનરૂપ વિશિષ્ટાદ્વૈત મતને શ્રીમુખવાણી વચનામૃત દ્વારા વિશિષ્ટરૂપે સરળ ભાષામાં સચોટ રીતે પ્રતિપાદિત કરનાર, શિક્ષાપત્રી રચી સર્વજીવહિતાવહ આદર્શો આપી ધર્મશુદ્ધિ, ચારિત્રશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ દ્વારા જીવોને સર્વોત્કૃષ્ટ આત્યંતિક કલ્યાણરૂપ અભ્યુદય સાધનાર પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શ્રીચરણોમાં શતકોટિ પ્રણિપાત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન તેમજ શ્રીહરિની

સર્વોપરી ઉપાસનાના અદ્વિતીય - અજોડ પ્રણેતા,

શ્રીમુખવાણી વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા

એવા શ્રીજી સંકલ્પસ્વરૂપ પરમ કૃપાળુ અનાદિ

મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના શ્રીચરણોમાં

કોટી કોટી વંદન સહ શ્રદ્ધાસુમન સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા
અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી તત્ત્વજ્ઞાનના

અમૃતસ્રોતને શ્રીજીસંકલ્પ અનાદિ મહામુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીએ કરુણા કરી માનવકુળ ઉપર

વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને ઝીલનાર છીપની

જેમ અધ્ધરથી ઝીલી લઇ વચનામૃત રહસ્યાર્થ


તેમજ વાતોરૂપ વચનમૌક્તિકો પ્રગટ કરી

મુમુક્ષુઓને આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર,

દાસત્વ અંગના પ્રતીક અ. મુ. સ. ગુ. શ્રી

ઇશ્વરચરણદાસજી સ્વામીને સ્નેહસભર વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.




**અ. મુ. સ. ગુ. શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામી**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનો

કૃપાપ્રસાદ પામી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ

ભગવાનના વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો પોતાના

આત્માને વિષે સાક્ષાત્કાર કરી અનાદિ મુક્તની

સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઇ અન્ય પાત્ર મુમુક્ષુ


આત્માઓને એવી દિવ્ય સ્થિતિનો અનુભવ

કરાવનાર મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ એવા અ. મુ. સ.

ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીને હૃદયની ભાવોર્મિ

સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

'શિક્ષાપત્રી રહસ્યાર્થ' નામના ઉત્કૃષ્ટ ગ્રંથ દ્વારા

શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ તેમજ

પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે પ્રગટ કરી સત્સંગસમાજ

તેમજ સમગ્ર માનવકુળને ઉપકૃત કરનાર અને

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી થકી


અનાદિ મુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરનાર,

અખંડ શ્રીહરિની મૂર્તિનું જ મનન કરનાર એવા અ.

મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

સ્વામીના પદારવિન્દમાં પુનઃ પુનઃ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા કારણ

સત્સંગના અદ્વિતીય પ્રણેતા, શ્રીજીસંકલ્પ સ્વરૂપ

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું વિધાન

“આ અમારા ઠાવકા પંડયા છે. આ પંડયાને અમે

પ્રમાણ કર્યા છે.” તથા જેમને ‘હરતો-ફરતો

બ્રહ્મયજ્ઞ’ તરીકે સંબોધવામાં આવતા એવા કારણ

સત્સંગના સમર્થ સૂત્રધાર અ. મુ. પ. પૂ. શ્રી

સોમચંદબાપાના ચરણોમાં ભક્તિભાવ સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ મહેતા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા

કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા શ્રીજી

સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી

અબજીબાપાશ્રીએ પ્રબોધેલા રહસ્યજ્ઞાનને જેમણે

સ્વાનુભવમાં આત્મસાત્ કરીને વૈજ્ઞાનિક

પરિપ્રેક્ષ્યમાં પ્રગટાવી અનેકને આધ્યાત્મિક

પથદર્શન કરાવ્યું છે એવા કરુણામૂર્તિ, પરમ

વાત્સલ્યસ્વરૂપ સદ્‌ગુરુવર્ય અનાદિ મુક્ત પરમ

પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના અજ્ઞાનવિદારક

શ્રીચરણોમાં સાદર સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# લેખકનું નિવેદન

અ.મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે ‘આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો. આપણે માયાના નથી પણ ભગવાનના છીએ.’ સવાલ એ થાય છે કે આ અક્ષરધામ શું છે? ક્યાંક એને ગોલોક મધ્યે કહ્યું છે, ક્યાંક એને નિરાકાર બ્રહ્મજ્યોતિ કહ્યું છે, ક્યાંક એને ભગવાનની શક્તિ કહી છે, ક્યાંક એને બે સ્વરૂપે છે એમ કહ્યું છે, તો ક્યાંક એને મહોલરૂપે કહેલ છે ને ત્યાં ગોખ, ઝરુખા આદિ ઘણા છે એમ કહ્યું છે, ક્યાંક તેને સનાતન, અનંત, અખંડ, સચ્ચિદાનંદ, નિત્ય, અપ્રાકૃત કહ્યું છે, તો ક્યાંક તેને ગુણાતીત કહ્યું છે. આપણા સંપ્રદાયમાં વળી કોઈ અ.મુ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામ કહે છે, તો કોઈ વળી અ.મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરધામ કહે છે. આ બધું વધારે ને વધારે પ્રશ્નો તથા ગૂંચવણો ઉપસ્થિત કરે છે. આમ છતાં આપણા સંપ્રદાયમાં નાના મુમુક્ષુથી માંડીને મોટા સદ્‌ગુરુ સુધી બધા એમ કહે છે કે અક્ષરધામ એ શ્રીજીમહારાજ ને રહેવાનું ધામ છે. જો શ્રીજીમહારાજ ને રહેવાનું ધામ હોય તો એ ક્યાં છે? અહીં થી કેટલું દૂર છે? એક વચનામૃતમાં એમ કહ્યું છે કે લાખ મણનો ગોળો ગબડતો ગબડતો પૃથ્વી સુધી આવે તો ઘસાઈને રજ ભેળો રજ થઈ જાય એટલું છેટુ છે. તો કેટલાક વચનામૃતમાં કહ્યું છે કે એકાંતિક ભક્તથી અક્ષરધામ અણુ માત્ર છેટું નથી. તો શું સમજવું?

અ.મુ. શ્રી અબજીબાપાશ્રીએ અક્ષરધામ માટે અનેક ઠેકાણે ફક્ત વચનામૃતોના આધારે અને હરિવાક્ય સુધાસિંધુને(સંસ્કૃત  વચનામૃત) આધારે આપણને આ બહુ જ ચોખ્ખી રીતે સમજાવેલ છે. તેનું અહીં સંકલન માત્ર કર્યું છે.

સાચા સંત કોને કહેવાય? જે પોતાનામાં ન જોડે અને ફક્ત શ્રીહરિજીમાં જ જોડે એ જ સાચા સંત. અ.મુ. શ્રી અબજીબાપાશ્રીએ મુમુક્ષુઓને શ્રીહરિજીમાં જોડયા. તેઓશ્રી એમ કેહતા કે અમને ફક્ત મૂર્તિ જ આપતા આવડે છે. અમે કોઈના સગા -સંબંધી નથી. અમે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છીએ. વચનામૃત રહસ્યાર્થમાં

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સદ્દગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી પ્રશ્ન પૂછે છે, અને અ.મુ. શ્રી અબજીબાપાશ્રી તેના જવાબ આપીને સમાધાન કરે છે. પ્રથમ પ્રકરણના ૬૪ વચનામૃતમાં પ્રશ્ન ૪નો ઉત્તર આપતા બાપાશ્રી કહે છે કે 'આ બધું અમે નજરે જોઈને યથાર્થ કહીં એ છીએ.' આવું કહેનારા ક્યાં મળે?

આ પુસ્તિકામાં વચનામૃત રહસ્યાર્થમાંથી અક્ષરધામ વિષેની વાતોનું સંકલન કરીને રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે. આશા છે કે આપણા પ્રશ્નોનું સમાધાન થાય. પરમ ભગવદીય વિશાલભાઈ ગાંધી, રમેશભાઈ સોની, રાજભાઇ વકીલ, શ્રેયસભાઇ માંડલિયા અને પુનિતાબેન દવેની મદદ માટે હું હૃદયપૂર્વક આભાર માનું છુ. વળી અ.મુ. જીતુભાઈ વ્યાસના આશીર્વાદ અને પ્રોત્સાહન માટે હૃદયપૂર્વક ઘણો આભાર માનું છું.

અંતે શ્રીજીમહારાજ તથા મહા અનાદિ મુક્ત શ્રી અબજીબાપાશ્રીના લાડીલા, વાત્સલ્ય મૂર્તિ ગુરુવર્ય અ.મુ. શ્રી નારાયણમામાના પુનિત ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ સહ આ "અક્ષરધામ: શ્રીજી મહારાજનું તેજ" સાદર સમર્પિત.

એ જ અભ્યર્થના સહ
નૈષધ કે.માંડલિયાના
જય શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકાશકનું નિવેદન

નૈષધભાઈ કે. માંડલિયા કારણ સત્સંગના અગ્રગણ્ય મુક્તોમાંના એક છે. અમુપપૂ સોમચંદબાપાએ તેમના ઘરે દેહ વિલય કર્યો હતો. તેઓ કુશાગ્ર બુદ્ધિશાળી તેમજ અતિશય નિર્માની છે. ન માત્ર સત્સંગમાં પણ લોકની દૃષ્ટિએ પણ તેઓ વિખ્યાત pulmonologist (ફેફસાના ડૉક્ટર) છે. તેમણે વર્ષોના વર્ષો વચનામૃત, શ્રી અબજીબાપાશ્રીની વાતોનો તમેજ અનેક મુક્તોની વાણીનો ઘણો અભ્યાસ કરી તેમાં રહેલું અગાધ જ્ઞાન પચાવ્યું છે. તેમના તે અધ્યયન દરમ્યાન તેમણે અનેક વિષયો પર ગુઢ સંશોધન કર્યું છે. તેમાનો એક વિષય છે "અક્ષરધામ".

તેમના આ સંકલનને સત્સંગ સમક્ષ રજુ કરવાનો narayanleela.org ને શુભ અવસર પ્રાપ્ત થયો છે. આ સંકલન મુમુક્ષુઓને ખૂબજ ઉપયોગી થઇ પડશે તેવું અમને દૃઢપણે લાગે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં ફાળો આપનાર દરેક સેવાર્થી પર શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, અમુપપૂ નારાયણમામા, અમુપપૂ લીલામાસી તથા અનંત અનાદિ મુક્તોનો ખૂબ રાજીપો તથા કૃપા ઉતરે તે જ પ્રાર્થના ને અભ્યર્થના!

શ્રી સોમચંદબાપા પ્રાગટ્ય દિન<br>
તા. ૨૩ જુન, ૨૦૨૪, રવિવાર<br>
narayanleela.org પ્રકાશન સમિતિના<br>
જય શ્રી સ્વામિનારાયણ!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**દિવ્ય પ્રેરણા**

સદ્‌ગુરુવર્ય અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**લેખન-સંકલન**

અ.મુ. શ્રી નૈષધભાઈ કે. માંડલિયા

**પ્રથમ આવૃત્તિ**

મૂલ્ય: અમૂલ્ય

**પ્રકાશન તારીખ**

તા. ૨૩ જુન, ૨૦૨૪, રવિવાર

**પ્રકાશક**

© narayanleela.org

(રજી). નંબર 803671974, Registered in State of Texas)

Contact: info@narayanleela.org

**મુદ્રક**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

# અક્ષરધામઃ
# શ્રીજીમહારાજનું દિવ્ય તેજ

# અનુક્રમણિકા


૧. અક્ષરધામ એટલે શું?

૨. અક્ષરધામના વિભિન્ન નામ

૩. અક્ષર કોને કહેવાય?

૪. ધામ કોને કહેવાય?

૫.અક્ષરધામનું વર્ણન

૬. નિરાકાર અક્ષરધામ એ સાકાર અક્ષરનો આત્મા

૭. નિરાકાર અક્ષર

૮. અક્ષરધામના બે સ્વરૂપ - નિરાકાર અને સાકાર

૯. ગુણાતીત એવું અક્ષરધામ

૧૦. ઉપાસના

૧૧. ઉપસંહાર

૧૨. પરિશિષ્ટ

# પ્રકરણ ૧ - અક્ષરધામ એટલે શું?

જે ધામમાં શ્રીજીમહારાજ મુક્તો સહિત વિરાજમાન છે તે ધામને અક્ષરધામ કહ્યું. સવાલ એ થાય છે કે અક્ષરધામ, એ શેનું બનેલું છે? અક્ષરધામ એ શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ છે. તેને જ અક્ષરબ્રહ્મ કહ્યું છે અને તેને જ અક્ષરધામ એમ કહ્યું છે.

**૧) વચનામૃત પંચાળા ૧**

"અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે.''

આ ઉપરથી એમ જણાય છે કે શ્રીજીમહારાજનો અંગનો પ્રકાશ એ જ અક્ષરધામ છે.

આ જ વચનામૃત અમુક પ્રતોમાં આ પ્રમાણે લખ્યું છે, "અને જે અક્ષરબ્રહ્મ છે તે તો ભગવાનને રહેવાનું ધામ છે" તેમાં "ભગવાનના અંગનો પ્રકાશ છે" એ વાક્ય નથી. તો પ્રશ્ન એમ થાય છે કે આમાં સાચું શું હશે? તો આપણે હરિવાક્યસુધાસિંધુમાં આનો ઉલ્લેખ કરેલો છે, તે જોઈએ.

હરિવાક્યસુધાસિંધુ એ સંસ્કૃતના વચનામૃતો છે. તેમાં  તરંગ ૧૨૭ શ્લોક ૧૧ માં

**सच्चिदानन्द रूपं यब्द्रह्म निर्गुणमक्षरम् ।**

**अंग प्रकाशस्तत्वस्य धाम चेत्युत्कमस्ति हि॥ (११)**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આમાં ભગવાનના ધામનું નિરૂપણ કરે છે જે, “સચ્ચિદાનંદરૂપે જે નિર્ગુણ કહેતા માયિક ગુણ રહિત જે અક્ષરબ્રહ્મ છે તે તો આ ભગવાનની મૂર્તિના અંગનો પ્રકાશ - ધામ કહેલું છે તે નિશ્ચય વાત છે. (૧૧)

આ શ્લોક લગભગ બધી પ્રતોમાં છે. અને આમાં ભગવાનના અંગનો પ્રકાશ એ અક્ષરધામ છે એમ કહ્યું છે. અર્થાત્ અક્ષરધામ અને શ્રીજીમહારાજને કાર્ય-કારણ ભેદ છે. અને શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ હોવાથી તે શ્રીજીમહારાજથી અભેદ છે.

**૨) હરિવાક્યસુધાસિંધુ તરંગ ૫૧, શ્લોક ૧૮**

**अंतर्बहिश्च तं व्याप्य स्थितं तत्कृष्णधाम च ।**

**कृष्णस्यैवांगतेजश्च सच्चिदानन्द लक्षणम् ॥**

અને તે અક્ષર અંદર ને બહાર તે પુરુષને વિષે વ્યાપીને રહેલું છે. અને તે કૃષ્ણધામ કેહતા ભગવાનનું નિવાસસ્થળ છે તથા ભગવાનના અંગનું તેજ છે તથા સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

એમાં પણ શ્રીજીમહારાજના અંગના પ્રકાશને ભગવાનનું ધામ કહ્યું છે. આ ધામ પુરુષની અંદર તથા બહાર બંને રીતે છે. શ્રીજીમહારાજનું તેજ સૂક્ષ્મ રીતે એટલે અન્વય રીતે પૃથ્વી આદિક જે સર્વ તત્વ, પુરુષ, અક્ષર, વગેરેમાં રહેલું છે. (વચનામૃત કારિયાણી ૮) અને તેને નિર્ગુણ સ્વરૂપ કહે છે. આજ તેજ અક્ષરાદિક સર્વેનું આધાર થઈને બહાર રહ્યું છે. તે શ્રીજીમહારાજના તેજનું

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સગુણપણું થયું. નિર્ગુણ એટલે સૂક્ષ્મ અને સગુણ એટલે અપાર.

### 3) હરિવાક્યસુધાસિંધુ તરંગ ૬૬, શ્લોક ૧૪

તેજ જે તે નિરાધાર નથી રહેતું, એ પ્રકારે સર્વત્ર સુર્યાદિકને વિષે દેખાય છે. એ હેતુ માટે તે ભગવાનનું અંગ જે મૂર્તિ તેની કાન્તિ જે પ્રકાશ તે જે તે અક્ષરબ્રહ્મ કહેતા અક્ષરધામ એ નામે છે

**निराधारंन तेज: स्यादिति सर्वत्र दृश्यते ।**

**तदंग कांतिस्तेजोऽतोयद् ब्रह्मेत्युच्यतेऽक्षरम् ॥**

આધાર, આશ્રય વિનાનું તેજ હોતું નથી. આ પ્રમાણે સર્વત્ર જોવામાં આવે છે.  તે હેતુ માટે તેજ જેને તે પરમેશ્વરના અંગની કાંતિ છે. જે તેજ ને બ્રહ્મ , અક્ષર આવા નામથી કહેવાય છે.

### ૪) હરિવાક્યસુધાસિંધુ તરંગ ૫૧, શ્લોક ૧૭-૨૨

અક્ષરધામ એ શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ છે:

**तद्इष्टया नेक्ष्यतेमायापुमानेवैक ईक्ष्यते। आविर्भूतोडस्ति सोडप्यादावक्षरस्यैकदेशतः ||१७||**

**अंतर्बहिश्च तं व्याप्य स्थितं तत्कृष्णधाम च। कृष्णस्यैवांगतेजश्च सच्चिदानन्द लक्षणम् ||१८||**

**अनेककोटिब्रह्मांडाधारोडनंतनादि च। तदीय दृष्टया त्वस्त्येकं ब्रह्मैव न तु पूरुषः ||१९||**

**तत्र स्थितोडसि भगवान् सर्वकारण  कारणम्। अनेककोटि ब्रह्मांडोत्पत्ति स्थितिलयक्रियः ||२०||**

**सर्वात्मात्मा स्वतंत्रश्च सर्वशक्तिपतिः प्रभु: ।परात्परतर:  शुद्ध ईश्वराणामपीश्वर: ||२१||**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**सर्वत्र कारणत्वेनाडन्वितोऽस्ति निजतेजसा। व्यतिरिक्तश्च धाम्नि स्वे राजतेडनेकशक्तिभिः ॥२२॥**

**અર્થ:**

**#૧૭** તે મૂળપુરુષની દ્રષ્ટિએ કરીને જોઈએ તો માયા નથી દેખાતી. એક પુરુષ જ દેખાય છે. તે પુરુષ પણ પ્રથમ સૃષ્ટિકાળમાં અક્ષરના એક દેશમાંથી ઉત્પન્ન થયેલ છે.

**#૧૮** તે પુરુષમાં અક્ષર અંતર્યામી શક્તિએ કરીને વ્યાપીને રહેલ છે. અને બહાર તે પુરુષના આધારભૂત થઈને રહેલ છે. તે અક્ષર કૃષ્ણનું (ભક્તના આધાર અને દુઃખના હરનારા શ્રી સ્વામિનારાયણ) ધામ છે. અને સત્, ચિત્, ને આનંદ છે લક્ષણ જેનું એવું જે ધામ તે કૃષ્ણના (આ પ્રગટ શ્રીકૃષ્ણ - શ્રીહરિજી) અંગનું તેજ છે.

**#૧૯** તે તેજરૂપ અક્ષરધામ અનંતકોટી બ્રહ્માંડનું આધાર ને અનંત એટલે બીજા સર્વ ધામથી મોટું ને અનાદિ છે. તે તેજરૂપ અક્ષરની દ્રષ્ટિએ જોઈએ તો તે એક જ બ્રહ્મ છે પણ બીજા કોઈ પુરુષ તથા મૂળપુરુષાદિક છે જ નહીં.

**#૨૦** ને સર્વકારણનું કારણ એવું જે બ્રહ્મ તેને વિષે અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, લયરૂપી છે ક્રિયા જેની એવા જે ભગવાન તે રહેલા છે.

**#૨૧** અને અક્ષરાદિક સર્વેના આત્મા અને સ્વતંત્ર સર્વે શક્તિના પતિ અને પ્રભુ અને સર્વ અક્ષરાદિક થકી પર એવું જે તેજરૂપ બ્રહ્મ તે થકી પર ને શુદ્ધ અને ઈશ્વર જે અક્ષરાદિક તેના પણ નિયામક

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છે.

#૨૨ અને મૂળપુરુષ તથા વાસુદેવબ્રહ્મ અને અક્ષર એ સર્વેને વિષે તેજરૂપ બ્રહ્મ તેણે કરીને અન્વયપણે રહ્યા છે. અને વ્યતિરેકપણે પોતાના તેજરૂપ ધામને વિષે અનેક શક્તિઓ તેમણે યુક્ત રહેલા છે.

આવી રીતે મૂળક્ષરાદિક સર્વેને વિષે તેજ દ્વારાએ કરીને શ્રીજીમહારાજ વ્યાપીને રહ્યા છે. માટે મૂળક્ષરાદિક સર્વે મહારાજના અવતાર છે. અને અક્ષરધામ એ શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ છે.

૫) હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૦૩, શ્લોક ૨૯

**तदैकं सच्चिदानंदरुपं तेज: प्रकाशते॥**

**ब्रह्माख्ये तत्र भगवान् राजतेपुरुषोत्तम: ॥ (२९)**

તે સમયને વિષે સત્ ચિદ્ અને આનંદરૂપ એવું એક તેજ જ પ્રકાશમાન થાય છે. તે તેજરૂપ બ્રહ્મને વિષે પુરુષોત્તમ ભગવાન વિરાજે છે. (૨૯)

૬) હરિવાક્યસુધાસિંધુ તરંગ ૨૭૧, શ્લોક ૧૨

**तेज: पुंजेऽक्षरेधाम्नि नित्यं कृष्णो विराजते ॥**

**तभ्द्रत्त्काश्च तदाकारा: सेवंते स्वामिनं हितम्॥ (१२)**

તેજના સમૂહરૂપ અક્ષરધામને વિષે ભગવાન સદા વિરાજમાન છે અને તે ભગવાનના સરખા આકારવાળા ભગવાનના ભક્તો તે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પોતાના સ્વામી જે ભગવાન તેમને નિરંતર સેવે છે.

**૭) ગઢડા પ્રથમ પ્રકરણ વચનામૃત ૪૫**

ભગવાન પુરુષોત્તમ છે તે સદા સાકાર જ છે ને મહાતેજોમય મૂર્તિ છે અને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેમનું તેજ છે.

અહીં શ્રીજીમહારાજના તેજને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ કહ્યું છે.

**૮) ગઢડા પ્રથમ પ્રકરણ વચનામૃત ૬૬**

ભગવાન તો નિત્ય દિવ્ય મૂર્તિ છે. અનંત કલ્યાણકારી ગુણે યુક્ત છે. ને તેજઃપુંજ કહ્યા છે. તે તો મૂર્તિ વિના તેજ હોય નહીં. માટે તેજ તે મૂર્તિનું છે. જેમ અગ્નિની મૂર્તિ છે તે મૂર્તિમાંથી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે. તેણે કરીને તે અગ્નિની મૂર્તિ દેખાતી નથી અને જ્વાળા દેખાય છે. પણ સમજુ હોય તે એમ જાણે જે અગ્નિની મૂર્તિમાંથી જ જ્વાળા નીકળે છે. તેમ બ્રહ્મ સત્તારૂપ જે કોટી કોટી સૂર્ય જેવો પ્રકાશ તે પુરુષોત્તમની મૂર્તિનો છે.

જેમ લોયા પ્રકરણ વચનામૃત ૧૪માં અક્ષરધામનું વર્ણન કરતા અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજનો સમૂહ કહ્યો છે તે આ વચનામૃતમાં સ્પષ્ટ રીતે શ્રીજીમહારાજે પોતાની મૂર્તિનો પ્રકાશ કહ્યો છે. અને વળી એમ કહ્યું છે કે મૂર્તિ વિના પ્રકાશ સંભવી શકે જ નહીં .

**૯) લોયા પ્રકરણ વચનામૃત ૧૦**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે. અને અનંતકોટી જે મુક્ત તેના પણ આત્મા છે. ગઢડા મધ્ય પ્રકરણ વચનામૃત ૧૩માં મૂર્તિના તેજને અક્ષરધામ, આત્મા તથા બ્રહ્મ કહ્યું છે. અહીં તેને સર્વાત્મા બ્રહ્મ કહ્યું છે. અને પોતાના સર્વાત્મા બ્રહ્મને(અક્ષરધામ) અક્ષરાદિકના (મૂળઅક્ષરાદિક) આત્મા કહ્યા છે. શ્રીજીમહારાજે સર્વાત્મા બ્રહ્મ અને અક્ષર(મૂળઅક્ષર) એ બે જુદા કહ્યા છે. માટે અક્ષરધામ અને સૃષ્ટિકર્તા અક્ષર અર્થાત મૂળઅક્ષર એ બે જુદા કહ્યા છે.

**૧૦) ગઢડા મધ્ય પ્રકરણ વચનામૃત ૧૦**

જેમ અગ્નિ છે તે પ્રકાશ સ્વરૂપે તો અરૂપ (અર્થાત નિરાકાર ) છે. ને અગ્નિ પોતે તો મૂર્તિમાન છે. તેમ જે પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે. ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે. અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે (અર્થાત નિરાકાર છે). ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે જ. માટે જેને કલ્યાણ ઇચ્છવું હોય તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને દ્રઢ આશ્રય કરવો.

આમ વચનામૃત ગઢડા પ્રથમ ૪૫,ગઢડા પ્રથમ ૬૬, પંચાળા ૧, ગઢડા મધ્ય ૧૦ અને લોયા ૧૦ વગેરેમાં શ્રીજીમહારાજે પોતાના મુખકમળથી હરિભક્તોને સમજાવ્યું છે કે “અમે દિવ્ય સાકાર મૂર્તિમાન છીએ. અને અમારો તેજઃપુંજરૂપ પ્રકાશ છે તે અમારું દિવ્ય અક્ષરધામ છે. એ બ્રહ્મધામમાં મુક્ત મંડળે સહિત અમે સદાય રહ્યા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છીએ. અને સર્વ મુક્તના સ્વામી, સુખદાતા, ને નિયંતા છીએ. અને અક્ષરધામના કારણ, આધાર અને રાજાધિરાજ છીએ.”

માટે શ્રીજીમહારાજના તેજપુંજરૂપ બ્રહ્મ સાથે આત્માની એકતા કરીને તેમની ઉપાસના, ભક્તિ, ધ્યાન કરવાથી જ માયાના બંધનથી મુક્ત થઈને શ્રીજીમહારાજના અક્ષરધામમાં મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૨ - અક્ષરધામના વિભિન્ન નામ

આપણે પહેલા પ્રકરણમાં જોયું કે શ્રીજીમહારાજનું તેજ એ જ અક્ષરધામ છે. આ અક્ષરધામને જુદા જુદા નામે વચનામૃતોમાં કહેલ છે.

ગઢડા પ્રથમ ૪૫માં આ તેજને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદબ્રહ્મ કહ્યું છે; ગઢડા મધ્ય ૩૦માં શુદ્ધ ચૈતન્યમય બ્રહ્મ કહ્યું છે. ગઢડા પ્રથમ ૬૪માં આત્મા નામે કહ્યું છે. ગઢડા મધ્ય ૧૩માં આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ નામે કહ્યું છે. ગઢડા મધ્ય ૫૦માં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરબ્રહ્મ એ બે નામ કહ્યું છે.

પરથારામાં અક્ષરધામને,

૧. બ્રહ્મપુર - બ્રહ્મ એવું શ્રીજીમહારાજનું નામ છે.માટે બ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમને રહેવાનું ધામ છે માટે બ્રહ્મપુર કહ્યું છે.

૨. અમૃતધામ - અતિશય અવિનાશી સુખનું સ્થાન છે માટે અમૃતધામ કહ્યું છે.

૩. પરમપદ - અને અતિશય શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદ છે માટે પરમપદ કહ્યું છે.

૪. અનંત અને અપાર - અને એનો અંત ને પાર નથી માટે અનંત અને અપાર કહ્યું છે.

૫. બ્રહ્મ - અને સર્વ ધામથી મોટું છે માટે બ્રહ્મ કહ્યું છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૬. ચિદાકાશ - અને મૂળપુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર એ સર્વેના પ્રકાશ તે ચૈતન્ય છે તે સર્વનો આધાર એવો જે શ્રીજીમહારાજનો પ્રકાશ છે તે અતિશય ચૈતન્યરૂપ છે માટે ચિદાકાશ કહ્યું છે.

પરથારામાં જ રહસ્યાર્થ પ્રદીપિકાટિકામાં કહ્યું છે:

**પ્રશ્ન:** પરથારામાં ગોલોકને મધ્યે અક્ષરધામ કહ્યું છે, અમદાવદ ૬ના  બીજા પ્રશ્નમાં અક્ષરધામને જ ગોલોક કહ્યું છે તથા ગઢડા પ્રથમ ૭/૧  માં અક્ષરબ્રહ્મ થી ગોલોક ધામને પર કહ્યું છે અને લોયા ૧૭ ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં તથા પંચાળા ૧/૧ તથા અમદાવાદ ૭/૧ માં અક્ષર થકી ગોલોકને નીચુ અને જુદું કહ્યું છે. તે પરસ્પર વિરોધ આવ્યો  તે કેવી રીતે સમજવું ?

**ઉત્તર:** અ. મુ. શ્રી અબજીબાપાશ્રી જવાબ આપતાં કહે છે કે આમાં 'ગો' શબ્દ કિરણ વાચક છે. ને 'લોક' શબ્દ સમૂહ વાચક છે. માટે 'ગો' જે કિરણ તેનો સમૂહ તેને ગોલોક કહ્યું છે. માટે ગોલોક મધ્યે અર્થાત કિરણોના મધ્યે અક્ષરધામ કહ્યું છે.

અમદાવાદ ૬માં અક્ષરધામ અને ધામની કિરણનું અભેદપણું કહ્યું છે. માટે ગોલોક શબ્દે કરીને અક્ષરધામ કહ્યું છે.

ગઢડા પ્રથમ ૭માં  મૂળઅક્ષરને  અક્ષરબ્રહ્મ કહ્યા છે, તે અક્ષરબ્રહ્મને વિષે શ્રીજીમહારાજ કિરણો દ્વારા વ્યાપક છે. તે અક્ષરધામની કિરણોરૂપી ગોલોકથી બ્રહ્મજ્યોતિ જે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ તેને પર કહ્યો છે. માટે ધામ તો સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે. તે પ્રકાશરૂપ ધામમાં શ્રીજીમહારાજ પોતાના મુકતોએ સહિત સદા દિવ્ય તેજોમય સાકાર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મૂર્તિ થકા વિરાજમાન છે.

લોયા ૧૭, પચાળા ૧, તથા અમદાવાદ ૭માં પરોક્ષ શ્રી કૃષ્ણ ભગવાનના ધામને ગોલોક કહ્યું છે. તેનાથી  અક્ષરધામ પર છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૩ - અક્ષર કોને કહેવાય?

**સંતો સર્વે અ.મુ. શ્રી અબજીબાપાશ્રીને પ્રશ્નો પૂછે છે અને તેઓશ્રી જવાબ આપે છે:**

૧) જેનો ક્ષર અર્થાત નાશ થતો નથી એ બધા જ અક્ષર કહેવાય. માટે મૂળપુરુષથી શ્રીજીમહારાજ પર્યંત સર્વેને અક્ષર સંજ્ઞાએ કહી શકાય. વળી તેમના તેજને પણ અક્ષર કહેવાય. (લોયા ૧/પ્રશ્ન ૨, ગઢડા પ્રથમ ૧૨/પ્રશ્ન ૧૭, ગઢડા મધ્ય ૧૮/પ્રશ્ન ૨ વગેરે)

**૨) ગઢડા પ્રથમ ૧૨, પ્રશ્ન ૧૭નો ઉત્તર:** શ્રીજીમહારાજનું તેજરૂપ જે અક્ષર તે ભાવને પામ્યા હોય જે સાધનદશાવાળા એકાંતિક તે પણ અક્ષર સંજ્ઞિક કહેવાય. અને શ્રીજીમહારાજના ધામમાં શ્રીજીમહારાજ સન્મુખ રહ્યા જે પરમ એકાંતિક મુક્તો તેમને પુરુષોત્તમરૂપ કહેવાય ને અક્ષર સંજ્ઞિક કહેવાય. અને મૂર્તિમાં રહ્યા એવા જે અનાદિમુક્તો તે પુરુષોત્તમ રૂપ કહેવાય અને તેમને પણ અક્ષર સંજ્ઞિક કહેવાય.

તેથી નીચે મૂળઅક્ષરની કોટીઓ છે અને તે અક્ષરોના પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ત્રણ પ્રકારના મુકતો છે. તે મૂળઅક્ષરોના ઉત્તમ મુક્તને પણ અનાદિ કહેવાય. મધ્યમને પરમ એકાંતિક કહેવાય અને કનિષ્ઠને એકાંતિક કહેવાય અને સર્વેને અક્ષર સંજ્ઞિક પણ કહેવાય.અને તેવી જ રીતે લક્ષ્મીજી શ્રીકૃષ્ણ ભગવાનના અનાદિ કહેવાય અને રાધિકાજી પરમ એકાંતિક કહેવાય અને શ્રીકૃષ્ણના સાધનદશાવાળા ભક્ત તે એમના એકાંતિક કહેવાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અને તે મૂળપુરુષોના મુકતો તથા મૂળપુરુષો, તથા વાસુદેવબ્રહ્મ તથા તેમના મુકતો તથા મૂળઅક્ષરો તથા તેમના મુકતો એ સર્વે અક્ષર સંજ્ઞિક કહેવાય.

**૩) ગઢડા મધ્ય ૩૧, પ્રશ્ન ૯ રહસ્યાર્થ**: મૂળપુરુષને અક્ષરાત્મક કહ્યા તે કિયા અક્ષરરૂપ હશે?

ઉત્તર: અ.મુ. અબજીબાપાશ્રી એ કહ્યું કે શ્રીજીમહારાજ તથા મૂર્તિમાન મૂળઅક્ષર તથા વાસુદેવબ્રહ્મ તથા મૂળપુરુષ એ સર્વેને પુરુષોત્તમ કહેવાય છે. અને મૂળપુરુષનું આત્મા તે વાસુદેવબ્રહ્મનું તેજ છે. તે વાસુદેવબ્રહ્મના તેજ ને આ ઠેકાણે અક્ષર નામે કહ્યું છે. તે મૂળપુરુષનું આત્મા કહેતા અંતર્યામી છે. માટે તેને અક્ષરાત્મક કહ્યા છે.

**૪) લોયા ૧, રહસ્યાર્થ પ્રશ્ન ૨**: લોયા ૧ના આઠમાં પ્રશ્નમાં અક્ષર રૂપ અનંતકોટી મુક્ત કહ્યા તે અક્ષરરૂપ એટલે કેવા જાણવા?

ઉત્તર: જે ન ક્ષરે તે સર્વે ચૈતન્ય વર્ગને અક્ષર કહેવાય. અને આ ઠેકાણે અક્ષર નામે શ્રીજીમહારાજને કહ્યા છે. તે પંચાળા ૨માં ભગવાન અચ્યુત છે, અક્ષર છે, અખંડ છે તથા અમદાવાદ ૪/૧માં ભગવાન અક્ષરરૂપ છે એમ કહ્યું છે માટે અક્ષર નામે શ્રીજીમહારાજને જાણવાં. ને તે શ્રીજીમહારાજ રૂપ થયેલા મુક્તને પણ અક્ષરરૂપ કહ્યા છે. એ આ અક્ષરરૂપનો અર્થ અમદાવાદ ૪ના બીજા પ્રશ્નોત્તરમાં કર્યો છે.

**૫) અમદાવાદ ૪, રહસ્યાર્થ પ્રશ્ન ૨**: અમદાવાદ ૪ પ્રશ્ન ૨માં શ્રીજીમહારાજને બ્રહ્મ ને અક્ષર કહ્યા અને ગઢડા પ્રથમ ૩૯, પ્રથમ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૪૨, પ્રથમ ૫ તથા વડતાલ ૧૩ના બીજા પ્રશ્નમાં બ્રહ્મ કહ્યા છે. પંચળા ૨માં અક્ષર કહ્યા છે ને કેટલાક વચનામૃતમાં પરબ્રહ્મ તથા અક્ષરાતીત કહ્યા છે, તે કેવી રીતે સમજવું ?

ઉત્તર: જે સર્વેથી મોટા હોય તે બ્રહ્મ કહેવાય. અને જે ન ક્ષરે તેમને તથા જે મૂર્તિથી જુદા ન પડે તે સર્વેને તથા ચૈતન્યવર્ગ સર્વેને અક્ષર કહેવાય. તે શ્રીજીમહારાજ જેવા અક્ષર બીજા કોઈ નથી. માટે શ્રીજીમહારાજને અક્ષર કહ્યા છે. અને શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શતાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિ સર્વે અનાદિમુક્ત છે. તે શ્રીજીમહારાજની મૂર્તિમાં સદાય રહ્યા છે પણ જુદા પડતા નથી. માટે તેમને પણ અક્ષર કહેવાય. પણ જે સૃષ્ટિકર્તા મૂળઅક્ષર છે તે તો અનાદિ તથા પરમ એકાંતિકથી ન્યૂન છે. અને ગોપાળનંદ સ્વામી આદિકને મૂળઅક્ષરની ઉપમા આપી હોય તે તો શાસ્ત્રમાં તેની મોટપ હોય તેથી તેની ઉપમા આપી છે. પણ અનાદિમુક્ત જેવા અક્ષર બીજા કોઈ કહેવાય નહીં. અને બ્રહ્મ તથા અક્ષરથી પર શ્રીજીમહારાજ છે. માટે પરબ્રહ્મ તથા અક્ષરાતીત કહેલ છે.

વળી મધ્ય ૧૮માં શ્વેતદ્વીપના નિરન્ન મુકતોને બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરસ્વરૂપ કહ્યા છે.

**૬) ગઢડા મધ્ય ૧૮, રહસ્યાર્થ પ્રશ્ન ૧:** ગઢડા મધ્ય ૧૮માં શ્વેતદ્વીપને વિષે નિરત્ન મુકતો છે, તેને બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરસ્વરૂપ કહ્યા છે.અને અક્ષરાતીત પુરુષોત્તમ ના દાસ કહ્યા તે પુરુષોત્તમ કિયા જાણવા? ને નિરન્ન મુક્ત કોને કહ્યા હશે?

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઉત્તર: આ ઠેકાણે વાસુદેવબ્રહ્મને પુરુષોત્તમ કહ્યા છે. તે મૂળપુરુષોના પુરુષોત્તમ છે. ને તેમના તેજને અક્ષર કહ્યું છે. ને તે અક્ષરથી પર તેમને અતીત એટલે પર કહ્યા છે. અને તેમના સાધનિક મુક્તોને કાળના કાળ અને અક્ષરરૂપ કહ્યા છે.

**૭) ગઢડા મધ્ય ૧૮, રહસ્યાર્થ પ્રશ્ન ૨**: મધ્યના ૧૮માં કોના કોના તેજને અક્ષર નામે કહ્યું હશે?

ઉત્તર: મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર તથા શ્રીજીમહારાજ એ સર્વેના તેજને અક્ષર તથા અક્ષરધામ કહેવાય.

**૮) પંચાળા ૨, રહસ્યાર્થ પ્રશ્ન ૨**: પંચાળા ૨માં તથા અમદાવાદ ૪/૧ માં ભગવાનને અક્ષર કહ્યા છે, ને ગઢડા પ્રથમ ૭માં, સારંગપુર પાંચના બીજા પ્રશ્નમાં, કારિયાણી ૮/૧માં તથા ગઢડા પ્રથમ ૪૧ એ આદિકમાં અક્ષરથી પર કહ્યા છે. માટે પ્રત્યક્ષ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ તે તો અક્ષરથી પર છે. તેમને અક્ષર કહેવાનું શું કારણ હશે?

ઉત્તર: શ્રીજીમહારાજ તો અચ્યુત છે, નિરંશ છે, નિર્વિકાર છે, અક્ષર છે, અખંડ છે એવા વિશેષણો આપ્યા છે. પણ અક્ષર એ જ શ્રીજીમહારાજ તે તેમ નથી કહ્યું.

**૯) પ્રશ્ન**: ક્ષર કોને કહેવાય?

ઉત્તર: મૂળપુરુષ અને મૂળમાયાથી ઉત્પન્ન થયેલ બ્રહ્માંડમાં રહેનારા સર્વેને ક્ષર કહેવાય. આથી પ્રધાનપુરુષ, મહતત્વ, ત્રણ અહંકાર, ૨૪ તત્વો, વિરાટનારાયણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અને ૧૪ લોક સર્વેને ક્ષર જાણવા.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

## પ્રકરણ ૪ - ધામ કોને કહેવાય?

ધામ એ શબ્દ ઘણે ઠેકાણે પ્રયોગ કરેલ છે. ધામ તે મૂર્તિ, તેજ અને સ્થાનકવાચક છે. બ્રહ્મજ્યોતિ, બ્રહ્મજ્યોતિની કિરણો, મહારાજની મૂર્તિને અને મૂળઅક્ષરને એ સર્વને ધામ કહેવાય છે.

**૧) વચનામૃત ગઢડા પ્રથમ ૭**માં પોતાના તેજરૂપી ધામને બ્રહ્મજ્યોતિ કહ્યું છે. પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે.
અહીં બ્રહ્મજ્યોતિને ધામ કહ્યું છે અને બ્રહ્મજ્યોતિની કિરણો તેને ગોલોક ધામ કહ્યું છે.

**૨) વચનામૃત પંચાળા ૭**માં શ્રીજીમહારાજ પોતાને ધામરૂપ કહે છે. અને કહે છે કે "**धाम्ना स्वेन सदा निरस्त कुहकम्॥**"કેહતા ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે, એ માયારૂપ કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે.

**3)પ્રકરણ ૧**: શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ, ને અક્ષરબ્રહ્મ અથવા અક્ષરધામ કહ્યું છે. એ આપણે પહેલા પ્રકરણમાં જોયું છે.

**૪) ગઢડા પ્રથમ ૬૩ અને સારંગપુર ૧૭**માં મૂળઅક્ષરને ધામ નામે કહ્યા છે.

ગઢડા પ્રથમ ૬૩:

સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષર તો પુરુષોત્તમનું ધામ છે. અને એ અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થતી નથી. સદાય એક

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

રૂપે રહે છે. અને એ અક્ષર મૂર્તિમાન છે, પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી. તે શા માટે જે એવા એવા બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઉડતાં જ ફરે છે એવડા મોટા છે. તે અક્ષરધામને વિષે પુરુષોત્તમ ભગવાન સદાય વિરાજમાન છે.

અને પોતાની કાન્તિએ કરીને અક્ષરધામ અને અનંત કોટી બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે. અને તે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાંને પામ્યા એવા જે અનંતકોટી મુક્ત તે એ ભગવાનની સેવાને વિષે રહે છે. અને તે ભગવાનના સેવકના એક એક રોમને વિષે કોટી કોટી સૂર્યના જેવો પ્રકાશ છે. માટે જેના સેવક એવા છે તો એમના સ્વામી પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા તો કેમ કહેવાય?

એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપ થાય છે. અને પછી મૂળ પ્રકૃતિપુરુષરૂપે થાય છે.

ભાવાર્થ:

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના નિરાકાર અક્ષરધામને કાંતિના નામે કહ્યું છે. અને મૂળઅક્ષરને અક્ષર, અક્ષરબ્રહ્મ , મૂર્તિમાન અક્ષર કહેલ છે. વળી નિરાકાર અક્ષરધામમાં પોતાના સાધર્મ્યપણાને પામેલા અનંતકોટી મુકતો રહ્યા છે. એમ કહ્યું છે. પહેલા અક્ષરને પોતાનું ધામ કહે છે. વળી એમ કહે છે કે પોતે તો અક્ષરમાં કાન્તિ એ કરીને અન્વયપણે રહ્યા છે.

૧. કાન્તિએ કરી રહ્યા એટલે અન્વયપણે રહ્યા કહેવાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રીજીમહારાજ પોતે તો અક્ષરધામમાં વ્યતિરેક મૂર્તિએ રહ્યા છે. અન્વય રીતે નહીં. માટે (ઉપર કહેલ) એ અક્ષર અને શ્રીજીમહારાજની કાંતિરૂપ અક્ષર બે જુદા થયા. આ ઉપરથી એમ સમજાય છે કે પહેલી બાબતમાં અક્ષરધામ કહ્યા અને જે મૂર્તિમાન અક્ષર છે એ મૂળઅક્ષર સમજાય છે.

૨. પછી કાન્તિએ કરીને પોતે અક્ષરધામ (અર્થાત મૂળઅક્ષર ઉપર સમાજવ્યા મુજબ) અનંતકોટી બ્રહ્માંડ અને બ્રહ્માંડોના ઈશ્વરમાં અન્વયપણે રહ્યા છે.

અન્વયપણે ક્યારે રહ્યા કહેવાય? જ્યારે મૂર્તિમાન રહ્યા ના હોય ત્યારે પોતાના તેજ દ્વારા અન્વય રીતે રહ્યા કહેવાય. જેનું ધામ જુદું હોય તેમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા કહેવાય અને તે વિભૂતિઓને વ્યતિરેક મૂર્તિના દર્શન ના હોય એમ સમજાય છે. માટે મૂળઅક્ષર, અનંત કોટી બ્રહ્માંડ અને બ્રહ્માંડોના ઈશ્વરોને શ્રીજીમહારાજના વ્યતિરેક દર્શન નથી એમ સાબિત થાય.

વળી મૂળઅક્ષરો, અનંતકોટી બ્રહ્માંડાધિપતિઓના ધામ, શ્રીજીમહારાજની કાન્તિરૂપ નિરાકાર અક્ષરધામથી જુદા છે.

૩. પછી શ્રીજીમહારાજ એમ કહે છે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાંને પામ્યા એવા અનંતકોટી મુક્ત તે ભગવાનની સેવામાં રહે છે.

અર્થાત્ આ મુક્તોને શ્રીજીમહારાજના વ્યતિરેક દર્શન થાય છે અને આ મુકતો શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા છે. માટે આ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મુક્તો એ મૂર્તિમાન અક્ષર અર્થાત મૂળઅક્ષરરૂપી ધામમાં રહ્યા નથી. પરંતુ જે શ્રીજીમહારાજની કાંતિરૂપી નિરાકાર અક્ષરબ્રહ્મ છે તેમાં શ્રીજીમહારાજની સમીપ રહ્યા છે. માટે આ મુક્તોની સ્થિતિ બાબત ૨માં કહેલ અક્ષર અને બ્રહ્માંડાધિપતિ ઈશ્વરો કરતા ઉંચી છે.

૪. તો પછી પેહલી બાબતમાં શ્રીજીમહારાજે કેમ કહ્યું કે સર્વકારણ અક્ષરબ્રહ્મ એ શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે! અને એને સર્વાધાર  કેમ કહ્યું?

ઉત્તર: શ્રીજીમહારાજનું તેજ સૌપ્રથમ મૂળઅક્ષરમાં અન્વય રીતે રહે છે. માટે મૂળઅક્ષર એ શ્રીજીમહારાજના તેજને રહેવાનું ધામ થયું. માટે તેને ધામ કહ્યું છે. ધામ એટલે રહેવાનું સ્થળ. મૂળઅક્ષરને આ રીતે અક્ષરધામ કહ્યું છે(પોતાના નિરાકાર અક્ષરબ્રહ્મને રહેવાનું ધામ માટે અક્ષરધામ). તેમાં શ્રીજીમહારાજ મુકતો સાથે વ્યતિરેક મૂર્તિએ રહેતા નથી પણ અન્વય રીતે કાયમ તેમાં રહે છે.

આગળ જોઈશું કે શ્રીજીમહારાજના તેજને અક્ષરનું આત્મા કહ્યું છે. તે આ સંદર્ભમાં કહેલ છે.

૫.  વળી આગળ એમ કહે છે પોતે અન્વય રીતે અક્ષરમાં પ્રવેશીને અક્ષરરૂપે થાય છે. અર્થાત મૂળઅક્ષરને કાર્યની પ્રેરણા કરે છે. જેમ લોઢું જે કાળું હોય તેમાં અગ્નિ પ્રવેશે ત્યારે એ લાલ રંગનું અને ઉષ્ણ થાય છે. અને અગ્નિનો ગુણધર્મ ગ્રહણ કરે છે અને જ્યારે અગ્નિ વિલીન થાય છે ત્યારે પાછું કાળું અને ઠંડુ થઇ જાય છે. તેમ શ્રીજીમહારાજ પોતે અન્વય રીતે અક્ષર, બ્રહ્મ, મૂળપુરુષ ઈત્યાદિમાં પ્રવેશ કરે છે અને તેમને કાર્ય કરવા પ્રેરે છે. આ ઉપરથી વળી એમ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સમજાય કે આ બધા ઐશ્વર્યાર્થીના ધામો જુદા જુદા છે.

સારંગપુર ૧૭:

અને અનળ પક્ષીને ઠેકાણે જે શુદ્ધ પ્રકૃતિપુરુષ અને ગરુડને ઠેકાણે જે અક્ષરધામમાં રહેનારા મુક્ત તથા અક્ષરધામ એ સર્વે જેમ જેમ વધુ વધુ સામર્થીને પામ્યા છે તેમ તેમ ભગવાનનો મહિમા વધુ વધુ જાણતા ગયા છે અને જેમ જેમ વધુ સામર્થીને પામતા ગયા તેમ તેમ ભગવાનને વિષે સ્વામી-સેવકપણાનો ભાવ પણ અતિ દૃઢ થાતો ગયો છે.

અહીં મૂળઅક્ષરને અક્ષરધામ કહ્યા છે કારણ કે
૧) શ્રીજીમહારાજના નિરાકાર તેજરૂપી અક્ષરધામને કાર્ય-કારણ ભેદ છે; સ્વામી-સેવકપણાનો ભેદ નથી.

૨) મૂળઅક્ષર અને શ્રીજીમહારાજને સેવક-સ્વામીએ ભેદ છે.

3) શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ એ શ્રીજીમહારાજથી અભેદ છે. અને તેની સામર્થી ક્યારેય ઓછી ના થાય. જ્યારે મૂળઅક્ષર એ શ્રીજીમહારાજના સકામ મુક્ત છે. તેની સામર્થી જેમ જેમ વધે અને તેમ તેમ શ્રીજીમહારાજને વિષે સ્વામી સેવકપણાનો ભાવ અતિ દ્રઢ થઇ જાય છે.
૪) . મૂળઅક્ષરને શ્રીજીમહારાજના કાંતિ/તેજને રહેવાનું ધામ છે માટે અક્ષરધામ કહ્યું છે.

આ ઉપરથી એમ તારણ કાઢી શકાય કે મૂર્તિમાન મૂળઅક્ષર એ નિરાકાર અક્ષર કરતા જુદા છે. અને નિરાકાર અક્ષરબ્રહ્મ જે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અક્ષરધામ તેને અન્વયપણે રહેવાનું ધામ છે. માટે ઘણા વચનામૃતમાં અક્ષરધામ તરીકે કહેલ છે. શ્રીજીમહારાજ અને પોતાના અક્ષરધામને કાર્ય-કારણ ભેદ છે. અને મૂળઅક્ષર અને શ્રીજીમહારાજને સેવક અને સ્વામી એ ભેદ છે. મૂળઅક્ષરોના ધામ અક્ષરધામ કરતા જુદા છે. અને તેમને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિના દર્શન નથી. તેઓ સૃષ્ટિકાર્યમાં સૌથી મોટા હોવાથી તેમને સર્વાધાર પણ કહેવામાં આવેલ છે. અને સકામ ભક્તની ઉત્કૃષ્ટ સ્થિતિ એ મૂળઅક્ષરની પદવી છે. જ્યારે નિષ્કામ ભક્ત એ શ્રીજીમહારાજનું સાધર્મ્યપણુ પામીને નિરાકાર અક્ષરધામમાં શ્રીજીમહારાજની સમીપ રહે છે.

આ વાતનો ખુલાસો કારિયાણી ૧૦માં કરેલ છે જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનના પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમ નારાયણ જેવો થાવાને તો કોઇ સમર્થ નથી. જ્યારે ગઢડા પ્રથમ ૩૧, પ્રથમ ૬૩, કારિયાણી ૧, ગઢડા મધ્ય ૬૬ અને મધ્ય ૬૭માં અમારો ભક્ત અમારા સરખો થાય છે . કારિયાણી ૧૦માં સકામ ભક્તની વાત કરે છે. સકામ ભક્ત, જે ઐશ્વર્યની ઈચ્છાવાળા છે તેમની ગતિ અક્ષર સુધી જ છે, તેમને શ્રી પુરુષોત્તમનું સાધર્મ્યપણું નથી, જ્યારે નિષ્કામ ભક્તને શ્રીપુરુષોત્તમનું સાધર્મ્યપણુ છે. માટે અક્ષર એ સકામ ભક્ત છે અને તેમની સ્થિતિ નિષ્કામ ભક્ત કરતા ઉતરતી છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૫ - અક્ષરધામનું વર્ણન

આપણે આગળ જોયું કે શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ એ અક્ષરધામ છે. અને તેજ નિરાકાર હોય તેથી તેને નિરાકાર અક્ષરધામ પણ કહ્યું છે. સાકાર મૂર્તિમાન મૂળઅક્ષરને પણ અક્ષરધામ કહ્યું છે. તે શ્રીજીમહારાજના તેજરૂપી નિરાકાર અક્ષરધામનું અન્વય રીતે રહેવાનું ધામ હોવાથી તેને સાકાર મૂર્તિમાન અક્ષરધામ કહ્યું છે. હવે આપણે આગળ જોઈએ કે અક્ષરધામ કેવું છે?

**૧) વચનામૃત લોયા ૧૪**

સર્વે થી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધો ઊર્ધ્વ તથા ચારેકોર પ્રમાણે રહિત છે ને અનંત છે. તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે મોટું સિંહાસન છે. તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે સિંહાસનની ચારેકોર અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણના દર્શન કરે છે.

આમાં શ્રીજી મહારાજ અક્ષરધામનું વર્ણન કરતા કહે છે કે સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે તેમાં અમે રહ્યા છીએ. સર્વેથી પર એટલે મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ અને સૃષ્ટિકર્તા અક્ષરબ્રહ્મ એ ત્રણથી પર તેજનો સમૂહ કહ્યો છે. તે શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે. વળી અક્ષરધામમાં સિંહાસન કહ્યું તે શ્રીજીમહારાજનું તેજ સિંહાસનરૂપે શોભા આપે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આ તેજના સમૂહને અક્ષરધામ, બ્રહ્મ, આત્મા આદિ નામે કરીને વચનામૃત મધ્ય ૧૩, પંચાળા ૧, પ્રથમ ૪૫, પ્રથમ ૬૬, લોયા ૧૦, મધ્ય ૧૦, કારિયાણી ૮, પ્રથમ ૭૨, લોયા ૧૩, પ ંચાળા ૭, મધ્ય ૪૨, આદિમાં કહેલ છે.

**૨) વચનામૃત ગઢડા મધ્ય ૧૩**

...... અને જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ , અને અક્ષરધામ કહીએ અને પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ।

**ભાવાર્થ**: આત્મા તો જીવને કહેવાય. અને આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતાના તેજને આત્મા કહ્યો છે. તેનું કારણ એ છે કે જે,

**अततीत = सर्वत्र गच्छतीति आत्मा।**

જે સર્વમાં ગતિ કરે છે કહેતા સર્વમાં વ્યાપે છે તેને આત્મા કહેવાય. જેમ જીવ પોતાના દેહમાં વ્યાપીને રહે છે તેથી તેને દેહનો આત્મા કહેવાય છે. તેમ શ્રીજીમહારાજનું તેજ મૂળઅક્ષરને વિશે વ્યાપીને રહ્યું છે. માટે એ તેજ અક્ષરનું આત્મા, આધાર, દ્રષ્ટા અને શરીરી છે. તેથી આત્મા કહેલ છે. એ તેજ અક્ષરદ્વારે વાસુદેવબ્રહ્મ તથા મૂળપુરુષાદિક સર્વેનું આત્મા છે. માટે એ તેજને આત્મા કહેલ છે. અને બ્રહ્મ એટલે કે

**अपार महिमत्वातु सर्वे भ्योऽधिक्त भवतीत ब्रह्म।**

તે બ્રહ્મનો મહિમા અપાર છે. અક્ષરાદિકથી અધિક હોવાથી બ્રહ્મ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કહેવાય છે. અને અક્ષરધામ કહીએ એમ કહ્યું છે, તેમાં અક્ષર એટલે અવિચળ (જે ક્ષરે નહીં તે) અને ધામ એટલે મુકતો સહિત શ્રીજીમહારાજનું દિવ્ય નિવાસ સ્થાન છે માટે ધામ કહ્યું છે.

“અને પ્રકાશને વિષે મૂર્તિ છે તેને આત્માનું તત્વ કહીએ,” એટલે આત્મા જે એ મૂર્તિનું તેજ તેનું તત્વ એટલે કારણ કહ્યા છે. માટે અક્ષરધામ અને શ્રીજીમહારાજની વચ્ચે કાર્ય-કારણનો સંબંધ છે. શ્રીજીમહારાજ કારણ છે અને અક્ષરધામ એ શ્રીજીમહારાજનું તેજ એ કાર્ય છે. અક્ષરધામને કારણે શ્રીજીમહારાજ નથી.

“.... તથા પરબ્રહ્મ કહીએ,” એટલે બ્રહ્મ જે તેજ નો સમૂહ તેથી પર છે, માટે પરબ્રહ્મ કહ્યા છે.

“તથા પુરુષોત્તમ કહીએ,” એટલે સર્વના સ્વામી, સુખદાતા અને નિયંતા છે માટે પુરુષોત્તમ કહેવાય છે. એમ ભાવાર્થ છે.

**3) વચનામૃત પંચાળા ૧ તથા લોયા ૧૪ અને મધ્ય ૧૩** અને જે અક્ષરબ્રહ્મ છે તે તો ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહેવાનું ધામ છે.

પંચાળા-૧ તથા લોયા ૧૪ અને મધ્ય ૧૩ આ ત્રણે વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના તેજના અક્ષરધામ, બ્રહ્મ અને આત્મા આદિ નામ કહ્યા છે. અને પોતાને એ તેજરૂપ ધામના કારણ, સર્વ મુક્તના સ્વામી ને પુરુષોત્તમ કહ્યા છે. માટે પોતાના તેજનો સમૂહ એ જ અક્ષરધામ છે એમ આ વચનામૃતમાંથી સ્પષ્ટ રીતે સમજાઈ છે.

**૪) વચનામૃત મધ્ય 30** - અક્ષરધામને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ કહેલ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છે.

..... સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે ને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિ પુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન એમનું ભજન કરે અને એ બ્રહ્મ થકી ઓરું જે પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્ય માત્ર તેને અસત્ય જાણે ને નાશવંત જાણે ને તુચ્છ સમજે અને માયિક જે નામરૂપ તેને વિષે અતિશય દોષદ્રષ્ટિ રાખે ને  તે સર્વ નામરૂપને વિષે અતિશય વૈરાગ્ય પામે તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર કરે.

**ભાવાર્થ:** આ વચનામૃતમાં શ્રીજીમહારાજે શુદ્ધ ચૈતન્યબ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવાનું કહ્યું તેનો શો હેતુ હશે? તો મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર, તેમને તથા તેમના તેજને ચૈતન્યબ્રહ્મ કહેવાય છે. પણ એ ત્રણેય બ્રહ્મને વિષે એક બીજાના ઉપરીનું શક્તિદ્વારે (તેજ દ્વારે) અન્વયપણું છે. અર્થાત મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજનું તેજ, વાસુદેવબ્રહ્મમાં મૂળઅક્ષરનું અને શ્રીજીમહારાજનું તેજ અને મૂળપુરુષમાં વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર અને શ્રીજીમહારાજના તેજનું અન્વયપણુ છે. અને શ્રીજીમહારાજનું તેજ એ સર્વેનું આધાર, કારણ અને પ્રેરક છે. તેમાં પરાન્વય (અર્થાત બીજાનું અન્વયપણું) નથી. માટે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ શ્રીજીમહારાજે પોતાના તેજ ને જ કહ્યું છે.

**૫)ગઢડા મધ્ય ૪૨, રહસ્યાર્થ પ્રશ્ન ૩: અક્ષરબ્રહ્મ સૂર્યનું મંડળ:** અક્ષરબ્રહ્મ તો સૂર્યનું મંડળ હોય એમ છે. સૂર્યને ઠેકાણે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રીજીમહારાજ છે અને સૂર્યનું મંડળ એટલે તેજના ગોળાને ઠેકાણે અક્ષરધામ છે એમ જાણવું.

**૬) વચનામૃત પ્રથમ ૪૨** - અક્ષરધામનું મધ્ય. શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા પ્રથમ ૪૨ બાબત ૨માં કયું છે, "જ્યાં અમારી મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય છે."

શ્રીજીમહારાજ પોતે અક્ષરધામમાં રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને અનંત ઠેકાણે અનંતરૂપે દર્શન આપે છે. તો પણ એની એ જ મૂર્તિ છે. માટે એક મૂર્તિ જ સર્વ ઠેકાણે દેખાય છે. અને એ મૂર્તિ જ્યાં દર્શન આપે ત્યાં અક્ષરધામનું મધ્ય સમજવું. કેમ જે જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ સર્વ ઠેકાણે દર્શન આપે છે. માટે પોતાના તેજરૂપ ધામ તે મૂર્તિ ભેળું જ હોય પણ જુદું ન હોય. માટે જ્યાં શ્રીજીમહારાજ દર્શન આપે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું.

**૭) ગઢડા પ્રથમ ૨૧ રહસ્યાર્થ પ્રશ્ન ૪**: શ્રીજીમહારાજના તેજરૂપ ધામ અને શ્રીજીમહારાજ વિષે સ્વામી-સેવક ભાવ છે કે નથી?

જેમ સૂર્યના પ્રકાશ અને  સૂર્યને વિષે તથા અગ્નિની જવાળાને અગ્નિને વિષે, સ્વામી-સેવકભાવ નથી તેમ શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને અને  શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવકભાવ નથી. પણ મૂર્તિથી જુદી વસ્તુ નથી. માટે સ્વામી-સેવકભાવ નથી પણ કાર્ય-કારણભાવ અને શરીર-શરીરી ભાવ છે.

**૮) વચનામૃત અમદાવાદ ૬** - અક્ષરધામને મહોલ રૂપે કહેવાનું કારણ?

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અમદાવાદ ૬ના બીજા પ્રશ્નમાં અક્ષરરૂપ જે બ્રહ્મ તે અમારે રહેવા સારું મહોલરૂપ થયો છે. એમ શ્રીજીમહારાજે કહ્યું છે અને પંચાળા ૧માં અમારા અંગનો પ્રકાશ તે જે અમારે રહેવાનું ધામ છે એમ કહ્યું છે. અને મધ્ય ૧૩/૨ પણ પોતાના તેજને અક્ષરધામ કહ્યું છે તે કેવી રીતે સમજવું?

ઉત્તર: શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે તે મહોલરૂપ થાય છે. એટલે મહોલ રૂપે શોભા આપે છે એમ કહ્યું છે. અને એ પોતાના તેજને અક્ષરધામ તથા બ્રહ્મમહોલ તથા બ્રહ્મજ્યોતિ તથા ગોલોક આદિક ઘણા નામે કહેલ છે.

**૯) વચનામૃત અમદાવાદ ૬માં** શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મધામને વિષે બહુ પ્રકારના મહોલ તથા ગોખ, ઝરુખા આદિક કહ્યા છે તે અક્ષરધામમાં મહોલ, ઝરુખા, આદિક કેવી રીતે સમજવા?

ઉત્તર: આ લોકને વિષે મહોલ, ગોખ, ઝરુખા, બાગ, બગીચાને વિષે શ્રીજીમહારાજ વિરાજ્યા હોય તે કહ્યા છે. કેમકે જે શ્રીજીમહારાજના સંબંધને પામે તેને નિર્ગુણ કહેવાય તે મધ્ય ૧૩/૧માં અમે જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા તથા વસ્ત્ર,વાહન, સેવક, આદિક જે જે અમારા સંબંધને પામે તે નિર્ગુણ છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. માટે મહોલ, ગોખ, ઝરુખા આદિક જે જે શ્રીજીમહારાજના સંબંધને પામ્યા તેને અક્ષરધામના કહ્યા છે એમ જાણવું.

**૧૦) ગઢડા પ્રથમ ૨૧, રહસ્યાર્થ પ્રશ્ન ૮**: અક્ષરધામને વિષે શ્રીજીમહારાજની સેવા મુક્ત કરે છે એમ કહ્યું તો ધામમાં સેવા શું હશે?

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઉત્તર: શ્રીજીમહારાજના મહિમાનું મુક્તને અપારપણું રહે છે. તેણે કરીને અતિશે દ્રઢ સ્વામી-સેવક ભાવ રહે છે. તે સ્વામી-સેવકભાવ એ જ સેવા કહી છે. માટે સેવકભાવ એ જ સેવા છે.

**૧૧) વચનામૃત ગઢડા પ્રથમ ૨૧**: શ્રીજીમહારાજના તેજને અને શ્રીજીમહારાજને સ્વામી-સેવક ભાવ નથી. એ ગઢડા પ્રથમ ૨૧ ના ચોથા પ્રશ્નોત્તરમાં કહ્યું છે, ત્યારે એ તેજરૂપ જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરવાથી શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવકપણું કેમ આવે?

ઉત્તર: શ્રીજીમહારાજના તેજને વિષે એકતા કરવાથી શ્રીજીમહારાજની અને ભક્તની વચ્ચે આવરણ રહેતું નથી. અને શ્રીજીમહારાજનું દર્શન થાય છે. જેમ સૂર્યનો પ્રકાશ આપણા નેત્રમાં આવે છે તેણે કરીને સૂર્યનું દર્શન થાય છે. પણ ચંદ્રનો પ્રકાશ નેત્રમાં આવે છે તેણે કરીને સૂર્ય દેખાય નહીં. તેમ શ્રીજીમહારાજના તેજને અને ભક્તના ચૈતન્યને એકતા થાય છે ત્યારે જ શ્રીજીમહારાજનું દર્શન અને સમીપપણું થાય છે. તે હેતુ માટે શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી તે મધ્ય ૫૦/૧માં કહ્યું છે. અને જ્યારે સમીપપણું થાય ત્યારે સ્વામી-સેવકપણું અતિશે દ્રઢ થાય છે. તે સારંગપુર ૧૭/૧માં દાસપણું અતિ દ્રઢ થાય છે એમ કહ્યું છે. માટે શ્રીજીમહારાજનું સમીપપણુ કરવા સારું શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી. અને સ્વામી સેવકપણુ તો સાધનકાળમાંથી જ છે. માટે જ્યારે શ્રીજીમહારાજનું દર્શન થાય ત્યારે સ્વામી સેવક પણું તો અતિ દ્રઢ થાય છે. માટે શ્રીજીમહારાજનું સમીપપણું થવા માટે શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી. કેમ જે મૂળક્ષરાદિકના તેજ અથવા મૂળઅક્ષરની મૂર્તિ સાથે એકતા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કરવાથી શ્રીજીમહારાજનું દર્શન થતું નથી. દર્શન તો જે જેના તેજરૂપ થાય તેનું જ થાય. માટે આપણે તો શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મ સાથે એકતા કરવી.

**૧૨) વચનામૃત ગઢડા છેલ્લા ૯**માં જાણપણારૂપ ધામનો દરવાજો કહ્યો અને તેની માંહી અક્ષરધામ કહ્યું ને મોટા મોટા સંત અક્ષરધામમાં ભગવાનના દર્શન કરે છે અને દરવાજે પણ ઉભા રહે છે એમ કહ્યું તે દરવાજો અને અક્ષરધામ શું સમજવું? અને સંત બે ઠેકાણે કેવી રીતે રહ્યા હશે?

ઉત્તર: અંતરદ્રષ્ટિવાળા સંત પોતાને ધામરૂપ માનીને તે અક્ષરધામમાં શ્રીજીમહારાજના દર્શન કરે છે. ને પોતાના હ્રદય સામી દ્રષ્ટિ રાખીને હ્રદયને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત આત્મા-પરમાત્માના જ્ઞાનરૂપી જાણપણાએ કરીને હ્રદયને વિષે કામ, ક્રોધાદિક તથા સ્ત્રી-દ્રવ્યાદિક કોઇ પદાર્થનો સંકલ્પ થવા દેતા નથી. માટે જાણપણા રૂપ જે જ્ઞાન તેને દરવાજો જાણવો. અને તે દરવાજે સંત ઊભા છે એટલે આત્મા-પરમાત્માના જ્ઞાનરૂપી શુદ્ધ વિચારે કરીને માયિક સંકલ્પ હ્રદયમાં થવા દેવા નથી અને હ્રદયને માંહી અક્ષરધામ છે તેમાં શ્રીજીમહારાજના દર્શન કરે છે. આવા સંતોથી અક્ષરધામ એ અણુએ માત્ર દૂર નથી. જ્યારે બાહ્યવૃત્તિવાળા માટે તો અક્ષરધામ ઘણું દૂર છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૬ - નિરાકાર અક્ષરધામ એ સાકાર અક્ષરધામનો આત્મા

નિરાકાર અક્ષરધામને મૂળઅક્ષરનો આત્મા કહેલ છે. એ આપણે નીચેના વચનામૃતોમાં જોઈશું.

**૧) વચનામૃત ગઢડા પ્રથમ ૬૪**

પુરુષોત્તમ એવા જે ભગવાન તેમનું શરીર, આત્મા તથા અક્ષર છે. એમ શ્રુતિ એ કહ્યું છે. તે આત્મા તો સર્વત્ર પૂર્ણ છે. ને વિકારે રહિત છે. ને તે આત્માને વિષે કાંઈ હેય, ઉપાધિ નથી. ને જેમ ભગવાન માયાથી પર છે તેમ આત્મા પણ માયાથી પર છે. એવો જે આત્મા તે કઈ રીતે ભગવાનનું શરીર કહેવાય?

શ્રીજીમહારાજે ઉત્તર કર્યો જે, "પુરુષોત્તમ ભગવાન છે તે સદાય મૂર્તિમાન છે, ને મૂર્તિમાન હોય તે અશરીરી(અર્થાત નિરાકાર)ના આત્મા હોય, જેમ વરુણ મૂર્તિમાન છે તે અશરીરી જે જળ તે સર્વેનો આત્મા છે. ને મૂર્તિમાન અગ્નિ તે જવાળા રૂપ જે અશરીરી અગ્નિ તે સર્વેનો આત્મા છે. ને મૂર્તિમાન જે સૂર્ય તે અશરીરી જે પ્રકાશ તેનો આત્મા છે. તેમ અશરીરી(નિરાકાર) બ્રહ્મ તેના મૂર્તિમાન જે પુરુષોત્તમ તે આત્મા છે. એવી રીતે અક્ષર અને આ જે બ્રહ્મ તે પુરુષોત્તમનું શરીર છે અને પુરુષોત્તમ ભગવાન પોતે શરીરી (અર્થાત આત્મા ) છે. માટે મૂર્તિમાન પુરુષોત્તમ ભગવાન તે આત્મા જે દ્રષ્ટા (=નિરાકાર બ્રહ્મ) અને આત્મા જેમાં વ્યાપક છે એવું જે દ્રશ્ય (અર્થાત મૂળઅક્ષર) એ બેયના આત્માપણે વર્તે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ભાવાર્થ:

પહેલા આ વચનામૃતના શબ્દો બરોબર સમજી લઈએઃ

૧. આત્માઃ નિરાકાર અક્ષર, બ્રહ્મ, ચિદાકાશ, બ્રહ્મમહોલ, શ્રીજીમહારાજનું તેજ

૨. શરીરઃ આત્માને રહેવાનું સ્થાન

૩. અશરીરીઃ નિરાકાર

૪. શરીરીઃ આત્મા/જીવ, આત્માનું તત્વ/કારણ

રહસ્યાર્થ:

પ્રશ્ન: પહેલી બાબતમાં અક્ષર કરતા આત્માને પહેલે નંબરે ગણ્યા છે. ને વળી સર્વત્રપૂર્ણ અને વિકારે રહિત કહ્યા છે. એ આદિક મોટા મોટા વિશેષણો શ્રીજીમહારાજ જેવા જ આપ્યા છે તે આત્મા કોને સમજવા?

ઉત્તર: શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને આત્મા કહ્યા છે. પ્રથમના ૪૫માં આ આત્માને સચ્ચિદાનંદ બ્રહ્મ , પ્રથમ ૬૬/૧ બ્રહ્મસત્તારૂપ પ્રકાશ, પ્રથમ ૭૧/૫ નિરાકાર અક્ષર બ્રહ્મ , કારિયાણી ૮/૧ નિર્ગુણ સ્વરૂપ નામે કહ્યા છે. અને અક્ષરના આત્મા કહ્યા છે. પંચાળા ૧/૧માં પોતાની મૂર્તિનો પ્રકાશ તથા અક્ષર બ્રહ્મ તથા ધામ નામે કહ્યા છે. મધ્ય ૧૩/૨માં આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ એ ત્રણ નામે કહ્યા છે. મધ્ય ૫૦/૧માં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરબ્રહ્મએ બે નામ કહ્યા છે. ગઢડા છેલ્લા ૩૦/૧માં ચૈતન્ય રાશિ કહ્યો છે. છેલ્લા ૩૬માં આ આત્માને બ્રહ્મજ્યોતિ કહ્યો છે. માટે આ બ્રહ્મ એટલે શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ આત્મા તે સર્વત્ર પૂર્ણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છે.

<u>પ્રશ્ન:</u> આત્મા જેમાં વ્યાપક છે એવું દ્રશ્ય કહ્યું તે દ્રશ્ય કોને સમજવું? અને આત્માના શરીરી શ્રીજીમહારાજ ને કેવી રીતે જાણવા?

ઉત્તર: ઉપર કહેલ બ્રહ્મ મૂર્તિમાન મૂળઅક્ષરના દ્રષ્ટા છે અને મૂર્તિમાન મૂળઅક્ષર આ આત્માનું દ્રશ્ય કહ્યું છે. એટલે આ આત્મા મૂર્તિમાન મૂળઅક્ષરમાં  વ્યાપક છે માટે આત્માને દ્રષ્ટા કહ્યા છે. અને મૂળઅક્ષરને દ્રશ્ય કહ્યા છે આથી જ ઘણે ઠેકાણે મૂળઅક્ષરને અક્ષરધામ પણ કહ્યા છે, કારણકે નિરાકાર અક્ષર તેમાં વ્યાપક છે. માટે મૂળઅક્ષર છે તે આ આત્માનું શરીર છે. અને આત્મા મૂળઅક્ષરના શરીરી છે એમ જાણવું. અને આ જે બ્રહ્મ કેહતા આત્મા (જે શ્રીજીમહારાજનું તેજ),  તે શ્રીજીમહારાજને આધારે છે. માટે શ્રીજીમહારાજ શરીરી છે ને આત્મા શરીર છે.

<u>પ્રશ્ન:</u> અશરીરી હોય તે અસમર્થ હોય ને શૂન્ય ધર્મવાળો હોય ને મૂર્તિમાન હોય ને સમર્થ હોય ત્યારે મૂળઅક્ષર મૂર્તિમાન છે માટે સમર્થ હોવા જોઈએ અને આત્મા તો નિરાકાર છે માટે અસમર્થ હોવા જોઈએ. માટે અસમર્થ એવા જે નિરાકાર આત્મા તે મૂર્તિમાન મૂળઅક્ષરમાં વ્યાપક કેમ કહેવાય?

ઉત્તર: જે મૂર્તિનું તેજ હોય તે મૂર્તિ આગળ અસમર્થ હોય, પણ એથી ઓરા હોય તેનાથી તો સમર્થ હોય. અને તેનું આધાર વ્યાપક ને નિયામક હોય માટે શ્રીજીમહારાજનું તેજ શ્રીજીમહારાજ આગળ અસમર્થ છે પણ મૂળઅક્ષરનુ  તો આધાર, વ્યાપક ને નિયંતા છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આ ઉપરથી એમ જણાય છે કે સૃષ્ટિકર્તા મૂળઅક્ષર કરતાં આત્મા કહેતા નિરાકાર અક્ષરબ્રહ્મ જે અક્ષરધામ એ પર અને સમર્થ છે. એવી રીતે મૂળઅક્ષરનુ તેજ મૂળઅક્ષર આગળ અસમર્થ છે પણ વાસુદેવબ્રહ્મનું નિયંતા, આધાર ને વ્યાપક છે. અને વાસુદેવબ્રહ્મનું તેજ તે વાસુદેવની મૂર્તિ આગળ અસમર્થ છે પણ મૂળપુરુષનું નિયંતા, આધાર ને વ્યાપક છે. માટે નિરાકાર આત્માને કારણ આગળ અસમર્થ કહ્યું છે પણ કાર્ય આગળ તો સમર્થ છે.

પ્રશ્ન: દ્રશ્ય અને દ્રષ્ટા કોને કોને કહેવાતા હશે?

ઉત્તર: દેહને દ્રશ્ય અથવા શરીર કહેવાય અને દેહને ધારણ કરનાર ચૈતન્યવર્ગ જે જીવાત્મા તેને દેહના શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય. અને ચૈતન્ય જીવ વર્ગને ધારણ કરનારું જે મૂળપુરુષનું તેજ તેને જીવવર્ગનું શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય. અને મૂર્તિમાન મૂળપુરુષને ચૈતન્ય જીવવર્ગના પરમાત્મા કહેવાય. વાસુદેવબ્રહ્મનું તેજ છે તેને મૂર્તિમાન મૂળપુરુષાદિકનું શરીરી , દ્રષ્ટા તથા આત્મા કહેવાય અને મૂર્તિમાન વાસુદેવબ્રહ્મને મૂળપુરુષાદિકના પરમાત્મા કહેવાય. અને મૂળઅક્ષરનુ તેજ વાસુદેવબ્રહ્મ આદિકનું શરીરી, આત્માને દ્રષ્ટા કહેવાય. અને મૂર્તિમાન મૂળઅક્ષરને વાસુદેવ આદિકના પરમાત્મા કહેવાય. શ્રીજીમહારાજનું તેજ છે તેને મૂળક્ષરાદિકનું શરીરી દ્રષ્ટા તથા આત્મા કહેવાય અને મૂર્તિમાન પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને મૂર્તિમાન મૂળક્ષરાદિક સર્વેના પરમાત્મા કહેવાય.

આ વચનામૃતમાંથી એમ સમજાય છે કે:

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૧. નિરાકાર અક્ષરબ્રહ્મ અને સાકાર મૂળઅક્ષર  એ બે જુદા છે.

૨. નિરાકાર અક્ષર અર્થાત આત્મા એ શ્રીજીમહારાજનું તેજ છે.

૩. જેમ આપણે પહેલા જોયું, એમ આ શ્રીજીમહારાજનું તેજ એ જ અક્ષરધામ છે.

૪. નિરાકાર અક્ષરબ્રહ્મ એ મૂર્તિમાન અક્ષર અર્થાત મૂળઅક્ષરના આત્મા, શરીરી અને નિયંતા છે અને મૂર્તિમાન મૂળઅક્ષરમાં  વ્યાપક છે.

૫. નિરાકાર અક્ષર, મૂર્તિમાન મૂળઅક્ષરમાં વ્યાપક હોવાથી તેને ઘણે ઠેકાણે ધામ કહેલ છે.

૬. નિરાકાર અક્ષર એ સૃષ્ટિકર્તા મૂળઅક્ષર કરતા પર અને તેથી ઘણા સમર્થ છે.

**૨) વચનામૃત કારિયાણી ૮**

ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો અક્ષર થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ (મૂળપુરુષ) ને પ્રકૃતિ તેનું આત્મા છે. અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે.

.....જે પ્રગટ પ્રમાણ મનુષ્યકારે દેખાય છે એ જ ભગવાનનું મૂળસ્વરુપ છે અને નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જેમ આકાશ છે તે શીતકાળે તથા ઉષ્ણકાળે વાદળાએ રહિત હોય અને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે અસંખ્ય વાદળાની ઘટાએ કરીને ભરાય જાય છે. તે કાળે કરીને આકાશમાં વાદળા ઉપજે છે ને પાછા લીન થઇ જાય છે. તેમ ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતાના સગુણ ને નિર્ગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે.

૧. અહીં શ્રીજીમહારાજ કહે છે જે અમારું તેજ અક્ષરાદિકમાં સર્વત્ર વ્યાપક છે. અને અક્ષરાદિક સર્વેનું આત્મા છે, અને અક્ષરાદિક સર્વેથી અતિશે વિલક્ષણ છે. અને એ વ્યાપક તેજ તે નિર્ગુણ એટલે સૂક્ષ્મ છે.

૨. અહીં, શ્રીજીમહારાજ પોતાની મૂર્તિના ઐશ્વર્ય તરીકે સગુણ ને નિર્ગુણ સ્વરૂપને કહે છે. પોતાના તેજને આકાશના દ્રષ્ટાંતે કહ્યું છે. અને તેજના સગુણ-નિર્ગુણ ઐશ્વર્યને વાદળા ઠેકાણે કહ્યા છે. માટે પોતાના તેજના સગુણ-નિર્ગુણ બે ભેદ કહ્યા છે. આ ઠેકાણે પોતાના તેજ અને મૂર્તિને અભેદપણે વર્ણવ્યા છે.

૩. ઉપર કહ્યા મુજબ અહીં શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ અને તેજને અભેદપણે કહ્યું છે અને પોતાના તેજને અક્ષરનું આત્મા કહ્યું છે. માટે અક્ષરની કોટીઓ શ્રીજીમહારાજના તેજરૂપી ધામથી જુદી થઇ અને પોતાના તેજને અક્ષરનું આત્મા ને આધાર કહ્યું. માટે મૂર્તિમાન મૂળઅક્ષર અને તેજરૂપી અક્ષરધામ બે જુદી જુદી વસ્તુ છે અને મૂર્તિમાન મૂળ અક્ષરોના ધામ જુદા હોય છે.

**3) વચનામૃત લોયા ૧૦**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અને તે સંત પરમેશ્વરના ભક્ત છે. અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંત કોટી જે મુક્ત તેના પણ આત્મા છે એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.

અહીં શ્રીજીમહારાજનું તેજ અનંત મૂળઅક્ષરાદિક સર્વેનું આત્મા છે. તેને આ ઠેકાણે સર્વાત્મા બ્રહ્મ કહ્યા છે. એ તેજમાં રહ્યા જે શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા મુકતો, તેમને મુકતો કહ્યા છે. અને એથી ઓરા શ્રીજીમહારાજના પ્રકાશરૂપ બ્રહ્મજ્યોતિની કિરણોમાં મૂળઅક્ષરની કોટીઓ રહી છે તેને અક્ષર કહ્યા છે. તે અક્ષરના આત્મા, પોતાના તેજ દ્વારે છે. અને મુક્તોના તથા એ તેજના આત્મા મૂર્તિમાન પોતે છે.

અહીં સર્વાત્મા બ્રહ્મ અર્થાત અક્ષરધામ અને અક્ષર એ બેને જુદા કહ્યા છે.

**૪) વચનામૃત ગઢડા પ્રથમ ૭૨**

અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમ જ પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે. અને ક્ષર-અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.

અહીં નિરાકાર અક્ષરધામને પોતાની શક્તિ કહી છે. શ્રીજીમહારાજ પોતે ક્ષર-અક્ષરથી જુદા છે. મૂળઅક્ષરને અક્ષર બ્રહ્મ કહ્યા છે. અને શ્રીજી મહારાજ તેનાથી ન્યારા છે. એમ કહ્યું છે. જ્યારે પોતાના

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તેજથી અભેદ છે.

<u>પ્રશ્નઃ</u> અમે ક્ષર-અક્ષર બેયના આત્મા છીએ અને ક્ષર-અક્ષર બેયને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ. એમ કહ્યું તે ક્ષર ક્યાં સુધી જાણવું અને અક્ષર કિયા જાણવા? અને શક્તિ કઈ જાણવી?
ઉત્તરઃ મૂળપ્રકૃતિ સુધી સર્વે ક્ષર જાણવું. મૂળઅક્ષરને અક્ષર જાણવા અને શક્તિ જે પોતાનો પ્રકાશરૂપ અક્ષરબ્રહ્મ તેણે કરીને એ બેયને  ધરી રહ્યા છે. અને તે પ્રકાશની કિરણોરૂપી જે રોમ તેને વિષે મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડો અનંત રહ્યા છે એમ રોમ સમજવું.

**૫) વચનામૃત ગઢડા મધ્ય ૩૧**

<u>પ્રશ્નઃ</u> પેહલા પ્રશ્નમાં અમે સર્વકારણના પણ કારણ ને અક્ષરાતીત ને પુરુષોત્તમ વાસુદેવ છીએ. એમ શ્રીજીમહારાજે કહ્યું તે સર્વે શબ્દ વડે કરીને કોને જાણવા? અને તે સર્વેના કારણ કોને જાણવા? અને કિયા અક્ષરથી અતીત કહ્યા? અને વાસુદેવ એવું નામ તો મૂળપુરુષના ઉપરી જે બ્રહ્મ તેમનું છે અને આ ઠેકાણે શ્રીજીમહારાજે પોતાને વાસુદેવ નામે કહ્યા તેનું શું કારણ હશે?
ઉત્તરઃ જીવકોટી, મૂળપુરુષરૂપ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા મૂર્તિમાન મૂળઅક્ષર તે કોટી તે સર્વેને સર્વ શબ્દ વડે કરીને જાણવા. અને તે સર્વનું કારણ શ્રીજીમહારાજનું તેજ છે. તે અક્ષરાદિક સર્વેનું કારણ જાણવું. અને એ તેજને જ અક્ષર નામે કહ્યું છે. તે તેજથી શ્રીજીમહારાજ અતીત એટલે પર છે ને તે તેજ પોતાનું છે માટે તેના કારણ છે. અને શ્રીજીમહારાજ પોતાના તેજ દ્વારા મૂળ અક્ષરાદિકને વિષે વ્યાપક છે, જે વ્યાપે તેને વાસુદેવ કહેવાય માટે તેમને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વાસુદેવ કહ્યા છે.

**૬) ગઢડા મધ્ય ૩૧, રહસ્યાર્થ પ્રશ્ન ૨**

<u>પ્રશ્ન: </u>શ્રીજીમહારાજના તેજને મૂળઅક્ષરનુ કારણ કિયા વચનામૃતમાં કહ્યું છે?

ઉત્તર: પ્રથમના ૬૪/૧માં શ્રીજીમહારાજના તેજને અક્ષરનું આત્મા, દ્રષ્ટા ને વ્યાપક કહ્યું છે. તથા કારિયાણીના ૮/૧ માં મૂર્તિમાન અક્ષરનું આત્મા કહ્યું છે. અને પ્રથમના ૬૩ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં અક્ષરને વિષે અમે કાન્તિએ કરીને અન્વયપણે રહ્યા છીએ. તથા પ્રથમના ૭૨ના ૨/૪  પ્રશ્નમાં ક્ષર-અક્ષરને અમારી શક્તિએ કહીને ધરી રહ્યા છીએ. માટે મૂર્તિમાન મૂળઅક્ષરનું  કારણ, અધાર, વ્યાપક અને પ્રેરક શ્રીજીમહારાજનું તેજ છે.

આમ નિરાકાર અક્ષર એ મૂર્તિમાન મૂળઅક્ષરના આત્મા, નિયંતા, વ્યાપક, દ્રષ્ટા થયા જ્યારે મૂળઅક્ષર એ નિરાકાર અક્ષરનું શરીર અને દ્રશ્ય થયું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૭ - નિરાકાર અક્ષર

આપણે આગળ જોયું કે શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ એ અક્ષરધામ છે. અને તેજ તો નિરાકાર હોય માટે અક્ષરધામ એ નિરાકાર અક્ષરબ્રહ્મ છે.

**૧) વચનામૃત ગઢડા પ્રથમ ૪૫**

શ્રીજીમહારાજ બોલ્યા જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે. ને મહા તેજોમય મૂર્તિ છે. અને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા  જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે.

અને વળી જેમ સમગ્ર જળ છે જેના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે. ને જળ નિરાકાર છે. ને જેમ અગ્નિની જવાળા છે તે નિરાકાર છે ને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિ લોકમાં સાકાર છે. અને જેમ સમગ્ર તડકો નિરાકાર છે ને સૂર્યમંડળને વિષે જે  સૂર્યદેવ છે તે સાકાર છે. તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે. અને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમનું તેજ છે. અને જેમ સૂર્યનું તેજ છે તેને આગળ દર્પણ ધરીએ છીએ ત્યારે તે કિરણનું જે રૂપ તે સૂર્યના જેવું જ ભાસે છે. તેમ પુરુષોત્તમ ભગવાન મૂર્તિમાન છે. તેની કિરણરૂપ જે સર્વત્ર વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મ તેનું રૂપ પણ દર્પણ જેવું જેનું નિર્મળ અંતઃકરણ થયું હોય તેને પુરુષોત્તમ ભગવાનના જેવું સાકાર જ ભાસે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

<u>પ્રશ્નઃ</u> લોયા ૧૮/૨માં શ્રીજીમહારાજને સચ્ચિદાનંદરૂપ કહ્યા છે અને પ્રથમના ૪૫માં તથા પરથારાની બીજી બાબતમાં તથા કારિયાણી ૭ના ૪ પ્રશ્નમાં શ્રીજીમહારાજના તેજને  સચ્ચિદાનંદ નામે કહ્યું છે. અને પ્રથમના ૭/૧માં મૂર્તિમાન મૂળઅક્ષરબ્રહ્મને સચ્ચિદાનંદ નામે કહ્યું છે. અને સારંગપુર ૫ ના ૨/3 બીજા પ્રશ્નમાં ઈશ્વરના વ્યતિરેક સ્વરૂપને સચ્ચિદાનંદ નામે કહ્યું છે તે કેવી રીતે સમજવું?

ઉત્તર: ઈશ્વર જે મૂળપુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તથા શ્રીજીમહારાજ તે સર્વેને  તથા તેમના તેજને સચ્ચિદાનંદ શબ્દે કરીને કહેવાય છે. પણ જ્યાં જેનો પ્રસંગ હોય ત્યાં તેને સચ્ચિદાનંદ નામે કહ્યા છે. પણ જેમ તારા, ચંદ્ર ને સૂર્યના તેજમાં તથા બિંબમાં ને સામર્થીમાં ભેદ છે. તેમ પુરુષ, બ્રહ્મ, અક્ષર ને પુરુષોત્તમ તેમને વિષે સુખ, સામર્થી ને પ્રકાશમાં ભેદ ઘણો છે. પણ વસ્તુ સત્ય અને ચૈતન્ય છે. માટે સચ્ચિદાનંદ કહ્યા છે. અને અક્ષરકોટી, બ્રહ્મકોટી ને પુરુષકોટી જે ઈશ્વરકોટી તે સર્વે ચૈતન્ય મૂર્તિઓ છે.પણ દેહ-દેહી ભાવ નથી. માટે એ સર્વે દિવ્ય સાકાર છે.

**૨) હરિવાક્ય સુધાસિંધુ**

<u>૧) તરંગ ૪૫, શ્લોક ૭</u>

**सच्चिदानंदरूपं यत्पूर्ण ब्रह्मास्ति सर्वतः।**
**तेजस्तस्यैव तज्ज्ञेयं निराकारमनावृतम् ॥७॥**

અને સત, ચિત્ત ને આનંદરૂપ, સર્વત્ર પૂર્ણ નિરાકાર અને આવરણે રહિત એવું જે બ્રહ્મ તે ભગવાનનું તેજ છે.

૨) <u>તરંગ ૪૫, શ્લોક ૧૭</u>

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**यथा चार्कोऽस्ति साकारं आतपोऽस्ति निराकृतः।**

**तथा कृष्णोडस्तिसाकारस्तेजोब्रह्म निराकृतिः ||१७||**

જેમ સૂર્ય સાકાર છે ને તેનો પ્રકાશ નિરાકાર છે તેવી રીતે કૃષ્ણ સાકાર છે ને તેજ જે બ્રહ્મ તે નિરાકાર છે.

3) તરંગ ૧૪૬, શ્લોક 30, 3૧

**यस्मिंस्तेजसि तद्रूपं भवत्येकरसे सिते ।**
**आत्म ब्रह्माक्षराघादि स्तदारव्याभिः प्रकीर्त्यते ||३०||**

**यस्तत्रं भगवान् साक्षात्स परब्रह्म संज्ञकः ।**
**आत्म तत्वाभिधश्चासौ पुरुषोत्तम उच्यते ||३१||**

એકરસ શ્વેત તેજ તેને વિષે ભગવાનનું સ્વરૂપ રહ્યું છે. તે તેજને આત્મા, બ્રહ્મ ને અક્ષર એ નામે કહ્યું છે. અને તે તેજને વિષે પરબ્રહ્મ સાક્ષાત પુરુષોત્તમ એવા જે આ ભગવાન તે જ આત્મા તત્વ એવે નામે તથા પરબ્રહ્મ ને  પુરુષોત્તમ એવે નામે કહ્યા છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૮ - અક્ષરધામના બે સ્વરૂપ - નિરાકાર અને સાકાર

## ૧) વચનામૃત ગઢડા પ્રથમ ૨૧

આ વચનામૃતમાં અક્ષરના બે સ્વરૂપ કહ્યા છે. અને એવા જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરના બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજેરૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.

પ્રશ્નઃ આમાં નિરાકાર એકરસ ચૈતન્ય કહ્યું તે શ્રીજીમહારાજે પોતાના તેજને કહ્યું છે અને અક્ષરધામ બીજે રૂપે કરીને શ્રીજીમહારાજની સેવામાં રહે છે એમ કહ્યું છે. તે બીજું રૂપ કેવી રીતે સમજવું? અને સેવા શી સમજવી?

ઉત્તર: શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે તે મૂર્તિમાન મૂળઅક્ષરનું શરીરી, વ્યાપક, દ્રષ્ટા, આત્મા અને આધાર છે. તે મૂળઅક્ષરમાં અંતર્યામીપણે રહીને મૂળઅક્ષર દ્વારે સર્વેની ઉત્પત્યાદિક ક્રિયા કરાવે છે. તે મૂર્તિમાન અક્ષરને આ તેજરૂપ અક્ષરધામનું બીજું રૂપ કહ્યું છે. અને સર્વેની ઉત્પત્તિ કરવી તે સેવા કહી છે. પણ હજુરની સેવા કહી નથી. અખંડ સેવામાં તો મુક્ત રહ્યા છે. એમ કહ્યું છે. અને મુક્તને જ પોતાના દાસ કહ્યા છે. ને પોતાને મુક્તના સ્વામી કહ્યા છે. અને અક્ષરધામ તો શ્રીજીમહારાજનો પ્રકાશ છે. તે પ્રકાશરૂપી ધામને અને શ્રીજીમહારાજને સ્વામી-સેવકપણુ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કહેવાય નહીં .

અને પછી આગળ શ્રીજીમહારાજ કહે છે કે અક્ષરના સાર્ધમ્યપણાને પામે છે. એમ કહ્યું છે પણ મૂર્તિમાન અક્ષરના સાધર્મ્યપણાને પામે છે એમ નથી કહ્યું કેમ જે મૂર્તિમાન અક્ષરના મુક્ત તો જુદા છે. અને શ્રીજીમહારાજના તેજરૂપ થઈને એ તેજમાં એકતા કરે તો જ શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય. તે ગઢડા મધ્યના ૫૦માં એકરસ પરિપૂર્ણ એવું બ્રહ્મસ્વરૂપ જે શ્રીજીમહારાજનું તેજ તેમાં આત્માને લીન કરીને તેમાં મહારાજને મુક્ત રહ્યાં છે  તેમને વિષે પ્રીતિ જોડવી એમ કહ્યું છે. માટે અક્ષરના સાધર્મ્યપણાને પામવાની વાત જ્યાં આવે ત્યાં શ્રીજીમહારાજના તેજરૂપ નિરાકાર અક્ષર જાણવું. તે નિરાકાર અક્ષર જે શ્રીજીમહારાજનું તેજ તેમાં એકતા કરવાથી શ્રીજી મહારાજની મૂર્તિ નો સાક્ષાત્કાર થાય છે. ત્યારે તે મુક્તનો ચૈતન્ય શ્રીજીમહારાજના જેવો જ સાકાર થઇ જાય છે, જેમ ભમરીના ધ્યાને તે ઈયળની ભમરી થઇ જાય છે તેમ.

**૨) ગઢડા પ્રથમ ૨૧, રહસ્યાર્થ પ્રશ્ન ૭**

<u>પ્રશ્ન:</u> શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને સાકાર મૂળઅક્ષરનું શરીરી, વ્યાપક, દ્રષ્ટા ને આત્મા કહ્યું તે ક્રિયા વચનામૃતમાં કહ્યું છે?

ઉત્તર: ગઢડા પ્રથમના ૬૪/૧માં આ અક્ષરધામને સાકાર મૂળઅક્ષરનું શરીરી તથા વ્યાપક, દ્રષ્ટા ને આત્મા કહ્યું છે. તે કારિયાણી- . ૮/૧માં પણ સાકાર અક્ષરનું આત્મા કહ્યું છે.

**૩) વચનામૃત કારિયાણી ૧૦** (સકામ અને નિષ્કામ ભક્તની

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ગતિનું)

<u>પ્રશ્નઃ </u>કારિયાણી ૧૦ના ૧/૪ પેહલા પ્રશ્નમાં અમારા ભક્ત અમને ભજીને અમારા પ્રતાપે કરીને પ્રકૃતિપુરુષ જેવા થાય છે, બ્રહ્મ જેવા થાય છે, તથા અક્ષર જેવા થાય છે. પણ અમારા જેવા કોઈ ન થાય એમ કહ્યું છે. માટે ભક્ત છેવટે અક્ષર જેવો થાય છે એમ કહ્યું અને ગઢડા પ્રથમ ૫૧, ગઢડા પ્રથમ ૬૩ના ત્રીજા પ્રશ્નમાં કારિયાણી ૧ના પાંચમા પ્રશ્નમાં. ગઢડા મધ્ય ૬૬ના સાતમા પ્રશ્નમાં, તથા ગઢડા મધ્ય ૬૭માં અમારો ભક્ત અમારા સરખો થાય છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું?

ઉત્તરઃ આમાં ઐશ્વર્યની ઈચ્છાવાળા સકામ ભક્તની વાત કરી છે. જે ઐશ્વર્યને ઈચ્છે તે છેવટે મૂળઅક્ષર થાય એમ કહ્યું છે. અને ગઢડા પ્રથમ ૫૧ અને ગઢડા પ્રથમ ૬૩, કારિયાણી ૧, ગઢડા મધ્ય ૬૬ તથા ગઢડા મધ્ય ૬૭માં મોક્ષની ઈચ્છાવાળા નિષ્કામ ભક્તની વાત કરી છે.એ નિષ્કામ ભક્ત શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામે છે. અને શ્રીજીમહારાજની હજુરમાં અખંડ સેવામાં રહે છે.

આ ઉપરથી એમ સમજાય કેઃ

૧. મૂળઅક્ષર એ ઐશ્વર્યાર્થી અને સકામ ભક્ત છે.

૨. તેમની કોટીઓ કહેલ છે

૩. તેમને હજૂરની સેવા નથી

૪. સકામ ભક્ત ક્યારેય પણ શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામતા નથી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૫. નિષ્કામ ભક્ત પોતે અક્ષરબ્રહ્મ જે શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ છે તેની સાથે એકતા કરીને શ્રીજીમહારાજનું સાર્ધમ્યપણાને પામે છે અને હજૂરની સેવામાં રહે છે.

૬. આ ઉપરથી વળી એમ સાબિત થાય કે નિરાકાર અક્ષરબ્રહ્મ અને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ જુદા છે. એકને શ્રીજીમહારાજ સાથે કાર્ય-કારણ સંબંધ છે અને બીજા શ્રીજીમહારાજના સકામ ભક્ત છે અને તેમને શ્રીજીમહારાજ સાથે સ્વામી-સેવકભાવ છે અને તેમને વ્યતિરેક મૂર્તિના દર્શન નથી.

**૪) ગઢડા પ્રથમ ૪૧, રહસ્યાર્થ પ્રશ્ન ૨**

પ્રશ્ન: આ અક્ષરને વચનામૃતમાં ક્યાંય 'મૂળઅક્ષર  નામે' કહ્યા નથી અને તમે મૂળઅક્ષર કહો છો. તેનું શું કારણ હશે?

ઉત્તર: શ્રીજીમહારાજ સૃષ્ટિ કરવાની પ્રેરણા પ્રથમ અક્ષરને કરે છે. તે અક્ષર  મૂળપુરુષ દ્વારા સૃષ્ટિ કરાવે છે. માટે સૃષ્ટિકર્તાના મૂળ કારણ એ છે તેથી મૂળઅક્ષર  કહે છે.

**૫) વચનામૃત સારંગપુર ૫**

શક્તિમાનને વ્યતિરેક સ્વરૂપ કહે છે અને શક્તિને અન્વય સ્વરૂપ કહે છે. પણ બે સ્વરૂપ જુદા નથી. અક્ષર જ્યારે પ્રેરકપણું મૂકી દઈને બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય ત્યારે શ્રીજીમહારાજના પરમ એકાંતિક મુક્ત થાય, ત્યારે જ ઉપાધિથી રહિત થાય. અને શ્રીજીમહારાજને કે તેજરૂપ શક્તિને ઉપાધિ છે જ નહીં. અને અક્ષરના વ્યતિરેક સ્વરૂપમાં એ શ્રીજીમહારાજ રહે છે એમ કહ્યું છે તે અન્વયપણે સાક્ષીરૂપે રહ્યા છે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તે સ્વરૂપ જાણવું.

**૬) વચનામૃત ગઢડા પ્રથમ ૬૩**

<u>પ્રશ્નઃ</u> આમાં અક્ષરધામ મૂર્તિમાન છે એમ કહ્યું છે. ધામ તો પંચાળા ૧/૧ તથા ગઢડા પ્રથમ ૬૬/૧માં પોતાના પ્રકાશને કહેલ છે. તથા ગઢડા મધ્ય ૧૩/૨માં પોતાના તેજને અક્ષરધામ કહ્યું છે, તથા ગઢડા મધ્ય ૫૦/૧માં એકરસ પરિપૂર્ણ પોતાના તેજને કહ્યું છે અને તેમાં અમારા મુક્તોએ સહિત રહ્યા છીએ એમ કહ્યું છે તથા ગઢડા પ્રથમ ૪૫માં પોતાના તેજને સર્વત્ર પૂર્ણ ને નિરાકાર કહ્યું છે. તથા ગઢડા પ્રથમ ૭/૧ તથા ગઢડા છેલ્લાના ૩૬ના પહેલા પ્રશ્નમાં પોતાના તેજને જ બ્રહ્મજ્યોતિનો સમૂહ કહ્યો છે અને તેમાં અમે ને અમારા મુકતો સદા સાકાર મૂર્તિમાન રહ્યા છીએ ઇત્યાદિક ઘણે ઠેકાણે પોતાના તેજને જ અક્ષરધામ કહ્યું છે. અને આ વચનામૃતમાં મૂળઅક્ષરને ધામ નામે કહ્યા તેનું શું કારણ હશે?

ઉત્તર: મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ પોતાની કાન્તિ દ્વારે અન્વયપણે રહ્યા છે માટે તેને ધામને નામે કહ્યું છે. આ મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે તે ગઢડા પ્રથમ ૭/૧, ગઢડા પ્રથમ ૪૧, સારંગપુર ૫ના બીજા પ્રશ્નમાં કારિયાણી ૮/૧માં ઇત્યાદિકમાં કહ્યું છે અને ગઢડા પ્રથમ ૨૧/૭માં આ મૂળઅક્ષરને શ્રીજીમહારાજના તેજરૂપ ધામનું બીજું સ્વરૂપ કહ્યું છે અને ઉત્પત્યાદિક કરે છે તે સેવા કહી છે.માટે વિરોધાભાસ નથી. અને આ અક્ષરમાં પુરુષોત્તમ ભગવાન સદાય વિરાજમાન છે એમ કહ્યું છે તે પણ (“સમર્થ એવા ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષર રૂપે થાય છે”) શ્રીજીમહારાજ પોતે અન્વય સ્વરૂપે અક્ષરમાં પ્રવેશ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કરીને રહે છે. તેથી અક્ષરમાં સદાય વિરાજમાન છે એમ કહ્યું છે. જેમ ગઢડા પ્રથમના ૭૮માં તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે અંતર્યામી રૂપે વિરાજમાન છે. એમ કહ્યું છે. માટે તે મૂળઅક્ષરમાં સદાય વિરાજમાન છે એમ જાણવું. મૂર્તિમાન અક્ષરને મોટા કહ્યા છે, તે ગઢડા પ્રથમ ૭માં જીવ -ઈશ્વર-માયા, બ્રહ્મ ને પરબ્રહ્મમાં પાંચ ભેદમાં સૃષ્ટિકર્તા વર્ગમાં અક્ષરને મોટા કહ્યા છે.

**૭) વચનામૃત ગઢડા મધ્ય ૩**

એ બ્રહ્મ થકી પુરુષોત્તમ નારાયણ તે નોખા છે. ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદ પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે.

આમાં પરબ્રહ્મ ને બ્રહ્મથી પર ને નોખા કહ્યા. તે બ્રહ્મ તો પરબ્રહ્મનું તેજ છે. એ તેજથી પરબ્રહ્મને નોખા શી રીતે સમજવા?  તો કાર્ય-કારણપણે તથા આધાર-આધેયપણે નોખા કહ્યા છે. તેવી રીતે તો એ તેજરૂપ બ્રહ્મ છે તેના પરબ્રહ્મ કારણ છે. અને આધાર છે અને બ્રહ્મ છે તે પરબ્રહ્મનું કાર્ય છે એમ નોખા કહ્યા છે.

આ વચનામૃતમાં જે વેદાંતી કેવળ નિરાકાર બ્રહ્મને માને છે અને એ બ્રહ્મના કારણ, ને આધાર જે પરબ્રહ્મ મૂર્તિમાન છે તેને સમજતા નથી તે વેદાંતીને નિરાકાર તેજઃપુંજરૂપ બ્રહ્મના કારણ, આધાર ને સાકાર એવા પરબ્રહ્મ પરમાત્મા નોખા છે. એમ સમજવા સારું જ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પોતાના તેજરૂપ બ્રહ્મથી પરબ્રહ્મ જે પોતે તે પોતાને નોખા કહ્યા છે.

આવી રીતે ગઢડા પ્રથમ ૨૧, ગઢડા પ્રથમ ૬૩, ગઢડા મધ્ય ૩ આ ત્રણે વચનામૃતોનો ભાવાર્થ તારવીને લોયા ૧૪, ગઢડા મધ્ય ૧૦, ગઢડા મધ્ય ૧૩, ગઢડા પ્રથમ ૪૫, ગઢડા પ્રથમ ૬૬ એ આદિમાં તેજરૂપ અક્ષરધામ કહ્યું તેની સાથે સમન્વય સમજવાથી કોઈ જાતની શંકા રહેતી નથી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૯ - ગુણાતીત એવું અક્ષરધામ

અક્ષરધામ કેવું છે? તો ગુણાતીત છે અર્થાત ત્રણ ગુણોથી પર છે. તેના વિષે આપણે થોડું જોઈએ.

**૧) વચનામૃત ગઢડા પ્રથમ ૧૨**

ભગવાનનું ધામ કેવું છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે ને અખંડ છે. તેને દ્રષ્ટાંત કરીને કહીએ છીએ જે જેમ પર્વત ને વૃક્ષાદિકે સહીત ને મનુષ્ય, પશુ, પક્ષી આદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. એવું જે ભગવાનનું ધામ તેને  ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે. ને દેહ મુક્યા પછી એ તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે.

<u>પ્રશ્ન ૧:</u> ત્રીજા પ્રશ્નમાં ભગવાનનું ધામ સનાતન, અપ્રાકૃત, સચ્ચિદાનંદ, અનંતને અખંડ કહ્યું, અને સારંગપુર ૧૧ના ૨/૩ બીજા પ્રશ્નમાં તથા ગઢડા છેલ્લા ૩૧માં અમારું ધામ ગુણાતીત છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે એ અક્ષરધામના વિશેષણો છે કે તે તે નામે સાધુ હોય તેને અક્ષરધામ કહ્યા હશે?
ઉત્તર:એ સર્વે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામના વિશેષણો છે. પણ સનાતનાનંદ, નિત્યાનંદ, અપ્રાકૃતાનંદ, સચ્ચિદાનંદ,

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અખંડાનંદ, અનંતાનંદ તથા ગુણાતીતાનંદ એવે એવે નામે સાધુ હોય તેમને અક્ષરધામ ન જાણવા. સનાતન એટલે અનાદિ જાણવું, નિત્ય એટલે નિરંતર જાણવું. અપ્રાકૃત એટલે દિવ્ય જાણવું, સચ્ચિદાનંદ એટલે સત ચિત્ત ને આનંદમય જાણવું, અનંત એટલે પાર રહિત જાણવું, અખંડ એટલે અવિનાશી જાણવું. ગુણાતીત એટલે ગુણથી પર જાણવું. માટે તેને વિશેષણે કરીને સાધુના નામ આવે તેણે કરીને તે સાધુને ધામ ન જાણવા. ધામ તો શ્રીજીમહારાજનો પ્રકાશ છે.

<u>પ્રશ્ન ૨:</u> આપણા સંપ્રદાયમાં કેટલાક શ્રીગોપાળાનંદ સ્વામીને તથા શ્રી ગુણાતીતાનંદ સ્વામીને મૂળઅક્ષર કહે છે તે કેમ સમજવું?

ઉત્તર: શ્રીગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્ર. મુકુંદાનંદજી, કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, શતાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, મહાભુવાનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી, આદિક સર્વે અનાદિમુક્ત છે. પણ જીવને એકદમ મહિમા સમજાય નહીં તે સારું શ્રીજીમહારાજે ઋષિઓ તથા અવતારોની ઉપમા આપી છે.પછી જેમ જેમ મહિમા સમજતા ગયા તેમ તેમ વધુ ને વધુ ઉપમા આપી છે. જેમ મુક્તાનંદ સ્વામીને નારદજીની ઉપમા આપી, અને વળી અમારી સાથે આવ્યા છે એમ પણ છેલ્લી વાર કહ્યું, અને નિત્યાનંદ સ્વામીને વ્યાસની ઉપમા આપી પણ ઉપાસના વિશેનો સંવાદ થયો ત્યારે આ સાધુ અમારો મહિમા જાણે છે એવા કોઈ જાણતા નથી એમ પ્રશંસા કરી. તેમજ શ્રીગોપાળાનંદ સ્વામીને પહેલા દત્તાત્રેયની ઉપમા આપી ને પછી શ્રી કૃષ્ણની ઉપમા આપી ને મૂળઅક્ષરની ઉપમા આપી અને છેલ્લી વારે અક્ષરધામમાં દિવ્ય

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મુક્ત છે તેથી પણ આ ગોપાળાનંદ સ્વામી અધિક છે એમ ગઢડા છેલ્લા ૨૧/૬માં પોતાના તથા પોતાના મુક્તોના સમ ખાઈને કહ્યું છે. માટે તે સર્વે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે. તેથી નીચે પરમ એકાંતિક છે ને તેથી નીચે શ્રીજીમહારાજના એકાંતિક આ સત્સંગમાં છે.

**૨) વચનામૃત કારિયાણી ૭**

<u>પ્રશ્ન:</u>કારિયાણી ૭ના ચોથા પ્રશ્નમાં તથા કારિયાણી ૧ના ત્રીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજને ગુણાતીત કહ્યા છે. અને સારંગપુર ૧૧ના ૨/૩ બીજા પ્રશ્નમાં, ગઢડા મધ્યના ૧૧/૧માં તથા ગઢડા છેલ્લા ૩૧માં શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને ગુણાતીત કહ્યું છે તે કેવી રીતે સમજવું?

ઉત્તર: ગુણાતીત શબ્દ ઘણે ઠેકાણે વપરાય છે. ભગવાનને પણ ગુણાતીત કહેવાય છે. અક્ષરધામને પણ ગુણાતીત કહેવાય છે અને ઈશ્વરને પણ ગુણાતીત કહેવાય છે. તથા જે ત્રણ ગુણથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે. માટે આમાં તથા કારિયાણી ૧માં શ્રીજીમહારાજને ગુણાતીત કહ્યા છે. સારંગપુર ૧૧ના ૨/૩, ગઢડા મધ્ય ૧૧/૧ તથા ગઢડા છેલ્લા ૩૧માં એ ત્રણેયમાં અક્ષરધામને ગુણાતીત કહ્યું છે. અને ગઢડા પ્રથમ ૪૨/૩માં શ્રીકૃષ્ણ તથા ગોપીઓને પણ ગુણાતીત કહેલ છે. અને ગઢડા મધ્ય ૪૩ ના પહેલા પ્રશ્નમાં ભક્તની સ્થિતિને પણ ગુણાતીત કહેલ છે. માટે ગુણાતીત એવા નામ વડે કરીને અક્ષરધામ જ કહ્યું છે એમ જ ન જાણવું. જે માયાથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે. માટે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જે ઠેકાણે જેનું પ્રકરણ આવે તેને ગુણાતીત કહ્યા હોય. માટે ગુણાતીત શબ્દ તે વિશેષણ છે.

### ૩) ગુણાતીત શબ્દનો અર્થ

#### ૧) વચનામૃત ગઢડા પ્રથમ ૪૨

અને પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સંગાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રીતિ કરી તો પણ સર્વ ભગવાનની માયાને તરી ગઈ, ને પોતે ગુણાતીત થઈને નિર્ગુણ એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામિયું. તેનું કારણ એ છે કે શ્રીકૃષ્ણ ભગવાન પોતે સાક્ષાત પુરુષોત્તમ ગુણાતીત દિવ્ય મૂર્તિ હતા, તો તે સંગાથે ગોપીઓએ જાણે-અજાણે પ્રીતિ કરી તો પણ તે ગોપીઓ ગુણાતીત થઇયું. અને ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્ય સ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે  તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે અને જો શ્રીકૃષ્ણ ભગવાન પોતે ગુણાતીત ન હોત તો એના ભક્ત જે ગોપીઓ તે ગુણાતીતપણાને ન પામત. ને જો ગુણાતીત પદને પામીઓ તો શ્રીકૃષ્ણ ભગવાન ગુણાતીત કૈવલ્ય દિવ્ય મૂર્તિ જ છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે ૬ વખત ગુણાતીત શબ્દ પ્રયોગ કરેલ છે. અને આમાં સ્પષ્ટપણે ગુણાતીત એટલે માયાના ગુણથી પર એમ જણાય છે.

<u>પ્રશ્ન: </u>બીજી બાબતમાં શ્રીકૃષ્ણને પ્રસંગે ગોપીઓ અક્ષરધામને પામી એમ કહ્યું છે તે શ્રી કૃષ્ણ કોને જાણવા અને અક્ષરધામ કિયું જાણવું? અને શ્રીકૃષ્ણને ગુણાતીત કહ્યા તે ગુણાતીત કેવી રીતે જાણવા?

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઉત્તર: આ ઠેકાણે મૂળપુરુષને શ્રીકૃષ્ણ કહ્યા છે ને તેમના ગોલોકધામને અક્ષરધામ કહ્યું છે. અને માયાના ગુણથી પર છે માટે ગુણાતીત કહ્યા છે.

**૨) વચનામૃત સારંગપુર ૯**

હું તો આત્મા છું તે માટે વિષે માયા કૃત ઉપાધિ હોય નહીં અને હું તો ગુણાતીત છું.

<u>પ્રશ્ન:</u> પોતાના આત્માને ગુણાતીત માનવા કહ્યું તે ગુણાતીતનો અર્થ શો સમજવો?

ઉત્તર: માયાના ત્રણ ગુણથી પર પોતાના જીવાત્માને માનવો તે ગુણાતીત કહ્યો છે.

**3) વચનામૃત સારંગપુર ૧૧**

જ્યારે પૂર્વ કહ્યા એવા વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે.

<u>પ્રશ્ન:</u> ગુણાતીત એવું જે અક્ષરધામ કહ્યું તે ગુણાતીતનો અર્થ શો સમજવો?

ઉત્તર: માયાના ગુણ થકી પર માટે ગુણાતીત કહ્યું છે. અક્ષરધામનું વિશેષણ છે. (પ્રથમ ૧૨ ના ૧૬માં પ્રશ્નોત્તર)

**૪) વચનામૃત કારિયાણી ૭**

પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્ ઘન જે તેજ તે રહે છે અને તે તેજને વિષે દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્યમૂર્તિ થકા જીવના

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કલ્યાણને અર્થે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ એ માયિક ગુણે યુક્ત નથી એ તો સદા ગુણાતીત દિવ્ય મૂર્તિ જ છે.

**૫) વચનામૃત કારિયાણી ૧**

ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું કે હે મહારાજ! ભગવાન તો મન-વાણી થકી પર છે ને ગુણાતીત છે. તેને માયિક એવા જે અંતઃકરણ તે કેમ પામે?

અહીં સ્વામીએ ભગવાનને ગુણાતીત કહ્યા છે.

**૬) વચનામૃત ગઢડા મધ્ય ૪૩**

જે ભગવાનનો ભક્ત ગુણાતીત હોય તે કેવળ સત્તારૂપે વર્તતો હોય ને તેને વિષે વૈરાગ્યરૂપ જે સત્વગુણ અને વિષયમાં પ્રીતિરૂપ જે રજોગુણ અને મૂઢપણારૂપ જે તમોગુણ એ ત્રણ ગુણના ભાવ તો ન હોય. અને તે તો કેવળ ઉત્થાને રહિત શૂન્ય સમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એવી રીતે સત્તારૂપે રહ્યો જે નિર્ગુણ ભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ હોય કે ન હોય? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જે સત્તારૂપ વર્તે તેને ભગવાનને વિષે પ્રીતિ હોય.

<u>પ્રશ્ન:</u> પહેલા પ્રશ્નમાં ગુણાતીત થઈને પ્રીતિ કરવાનું કહ્યું તે ગુણાતીતનો શો અર્થ સમજવો?

ઉત્તર: ગુણાતીત એટલે ત્રણ ગુણથી પર, બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થઈને ભજે તે ભક્ત ગુણાતીત કહેવાય ને એવી રીતે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ગુણોથી પર થઈને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ કરે એ પ્રીતિ બ્રહ્મરૂપ કહેવાય.

**૭) વચનામૃત વડતાલ ૧**

વડોદરાવાળા શોભારામ શાસ્ત્રીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ! મુમુક્ષુ હોય તે જ્યારે નિર્વિકલ્પ સમાધિને પામે ત્યારે તે ગુણાતીત થાય છે ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે.

આ વચનામૃતમાં નિર્વિકલ્પ સમાધિને ગુણાતીત કહી છે.

**૮) વચનામૃત ગઢડા છેલ્લા ૩૧**

માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિશે જે મૂર્તિ છે તે મૂર્તિ આ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્ય મૂર્તિ ગુણાતીત છે.

આ વચનામૃતમાં અક્ષરધામને, ધામમાં રહેલી મૂર્તિને અને પ્રત્યક્ષ મનુષ્યરૂપ મૂર્તિને ગુણાતીત કહી છે. આ ત્રણેય માયિક ગુણથી પર, દિવ્ય ને નિર્ગુણ કહેતા ગુણાતીત છે. એમ ગુણાતીત વિશેષણ વાપર્યું છે.

ધામની એટલે ધામમાં રહી જે શ્રીજીમહારાજની મૂર્તિ તે તો ગુણોથી પર છે અને એની એ મૂર્તિ મનુષ્યરૂપે દેખાય છે. તો પણ ગુણથી પર છે. એમ મનુષ્યરૂપ મૂર્તિ અને ધામની મૂર્તિ તે બે નથી પણ એક જ છે એમ કહ્યું છે.

આમ જોતા ગુણાતીત શબ્દ-પ્રયોગ નિર્વિકલ્પ સમાધિ, આત્મા, ઈશ્વર એવા શ્રીકૃષ્ણ, ગોપીઓ , અક્ષરધામ અને શ્રીજીમહારાજની ધામની મૂર્તિ અને પ્રત્યક્ષ મનુષ્ય મૂર્તિ એ સર્વેને માટે કરેલ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વળી ગઢડા છેલ્લા ૩૧માં ગુણાતીત શબ્દ-પ્રયોગ ધામ અને મૂર્તિ માટે કરેલ છે. અને ગઢડા પ્રથમ ૪૨માં ૬ વખત એ શબ્દ પ્રયોગ કરેલ છે. એ ઉપરથી એમ જણાય છે કે ગુણાતીત શબ્દ એ વિશેષણ તરીકે ઉપયોગમાં લીધો છે.

તો પછી શ્રીજીમહારાજે અ.મુ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીને અને અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીને ધામ કેમ કહ્યા હશે?
ધામ એટલે શ્રીજીમહારાજને રહેવાનું સ્થળ. સ્વામીશ્રી શ્રીજીમહારાજને અખંડ ધારતા હતા . તેઓશ્રી એમ કહેતા કે જો અમે શ્રીજીમહારાજને એક ક્ષણ પણ ભૂલી જઈએ તો અમારું તાળવું ફાટી જાય. અર્થાત શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીમાં અખંડ વ્યતિરેકપણે રહેતા હતા. એ રીતે સદ્ ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજને અખંડ ધારતા. માટે શ્રીજીમહારાજે તેમને ધામ કહ્યા છે. એમનું કહેવાનું એમ છે કે અમે સ્વામીમાં કાયમ વ્યતિરેકપણે રહ્યા છીએ. એ શ્રીજી અને સ્વામીની એકતા દર્શાવે છે. એટલે સ્વામી પોતે શ્રીજીમહારાજ સ્વરૂપ થયા, અનાદિમુક્ત થયા. અને તેઓશ્રી તો મૂળઅક્ષર કરતા તો ઘણા ઘણા પર કહેવાય. મૂળઅક્ષરને તો જેમ શ્રીજીમહારાજના પ્રત્યક્ષ દર્શન નથી તેમ મૂળઅક્ષરને ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી વગેરે અનાદિમુક્તોના પ્રત્યક્ષ દર્શન પણ ન હોય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૧૦ - ઉપાસના

## ૧) શિક્ષાપત્રી શ્લોક ૧૧૬

**निजात्मानं ब्रह्मरूप देहत्रयविलक्षणम्।**
**विभाव्यं तेन कर्तव्या भक्ति: कृष्णस्यसर्वदा ॥ (११६)**

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.

ભાવાર્થ:

અ.મુ. વૃદાંવનસ્વામી કહેતા જે દેખાય છે તે સ્થૂળ, ઘાટ-સંકલ્પ થાય છે તે સૂક્ષ્મ અને માયિક વિષયની વાસના એ કારણ શરીર અને ઐશ્વર્યની વાસના એ મહાકારણ શરીર. આ આપણા ચૈતન્ય ઉપરના આવરણો છે. આ શ્લોકમાં શ્રીજીમહારાજ આપણા ચૈતન્યને દેહથી જુદો સમજીને બ્રહ્મ સાથે એકતા કરવાનું કહે છે.

## ૨) વચનામૃત  ગઢડા મધ્ય 30 - બ્રહ્મ કોને સમજવાં?

બ્રહ્મ એટલે પોતાના કાર્યમાં સૌથી મોટા, તેને બ્રહ્મ કહેવાય. એ ન્યાયે તો મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર, તેમને તથા તેમના તેજને ચૈતન્યબ્રહ્મ કહેવાય. તો શ્રીજીમહારાજ આપણને કયા બ્રહ્મ સાથે એકતા કરવાનું કહે છે? એનો ખુલાસો શ્રીજીમહારાજે પોતે ગઢડા મધ્યના 30માં વચનામૃતમાં કર્યો છે:

એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એવું છે શુધ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઇને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમનું ભજન કરે.

અહીં શ્રીજી મહારાજ ચોખવટ કરતા કહે છે કે આપણે શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ સાથે એકતા કરી ને તેને પોતાનું સ્વરૂપ માનવું. તો શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ એટલે શું? તેનો વિગતવાર ખુલાસો આપણે આ પુસ્તકમાં પ્રકરણ ૫, મુદ્દા ૪માં કર્યો છે.

ટૂંકમાં મહાપુરુષ, વાસુદેવબ્રહ્મ અને મૂળઅક્ષર તથા તેમના તેજમાં એક બીજાના ઉપરીનું તેજદ્વારે અન્વયપણું છે. અને શ્રીજીમહારાજનું તેજ એ સર્વેનું આધાર, કારણ, અને પ્રેરક છે. શ્રીજીમહારાજના કોઇ ઉપરી નથી. માટે તેમના તેજમાં કોઇ બીજાનું અન્વયપણું નથી. માટે તેને શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ કહ્યું છે. અને તે શ્રીજીમહારાજનું રહેવાનું ધામ છે.

બીજો પ્રશ્ન તે થાય કે શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવાનું કેમ કહ્યું હશે? કેમ જે નેત્રને સૂર્યના પ્રકાશ સાથે સંબંધ થાય તો સૂર્યના દર્શન થાય અને ચંદ્રના પ્રકાશના સંબંધે ચંદ્રના દર્શન થાય. એ ન્યાયે જ્યારે આપણા ચૈતન્યનો શ્રીજીમહારાજના શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ અર્થાત્ તેજ સાથે સંબંધ થવાથી અક્ષરધામ સાથે એકતા થાય અને શ્રીજીમહારાજના દર્શન થાય. વળી આપણો ચૈતન્ય નિરાકાર છે અને શ્રીજીમહારાજનું તેજ નિરાકાર છે. એટલે નિરાકાર ચૈતન્યની નિરાકાર તેજ (શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ) સાથે એકતા સહેજે થાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એ આપણ ને ગઢડા મધ્યના ૫ વચનામૃતમાં  સમજાવ્યું છે.

**વચનામૃત ગઢડા મધ્ય ૫**

પછી શ્રીજીમહારાજ બોલ્યાં જે આજ તો અમારું જે રહસ્ય છે તે તમો સર્વેને અમારા જાણીને કહીએ છીએ, જે જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે ને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે. ને શૂરો રણને વિષે ટુક ટુક થઈ જાય છે તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મ સ્વરૂપ તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે. અને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરૂષોત્તમ ભગવાન ને  તે ભગવાનના ભક્ત સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે.

આ વચનામૃતમાં પણ શ્રીજી મહારાજ આપણા ચૈતન્યને એકરસ પરિપૂર્ણબ્રહ્મ જે તેજોમય અક્ષરબ્રહ્મ, શ્રીજીમહારાજનું તેજ તે સાથે એકતા કરવાનું કહે છે.

આમ આપણા ચૈતન્યની અક્ષરધામ સાથે એકતા કરવાથી આપણો ચૈતન્ય જ અક્ષરધામ થયો. પછી આપણા ચૈતન્યમાં અખંડ શ્રીજીમહારાજ વિરાજમાન થયા. એ વાત શ્રીજીમહારાજ સારંગપુરના ૧૦ વચનામૃતમાં સમજાવે છે.

**વચનામૃત સારંગપુર ૧૦**

જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે. ને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે. અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શરીર થકી પૃથક માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનના ધામ તે અણુ માત્ર છેટે નથી. અને એવી રીતનો જે સંત હોય તે તો જેવા શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે. અને એવાં સંતનું દર્શન થયું ત્યારે એમ સમજવું જે મુને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું છે. અને એવી સમજણવાળા જે સંત તે તો કૃતાર્થ છે.

આમ આપણો ચૈતન્ય જ અક્ષરધામ થયો. હવે આગળ શું કરવું જોઈએ એ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા છેલ્લાના ૩૯ માં સમજાવે છે.

**વચનામૃત ગઢડા છેલ્લા ૩૯**

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરૂષોત્તમ ભગવાન તે બ્રહ્મજ્યોતિના સમુદ્રને વિષે અનાદી સાકાર મૂર્તિ સમજવા.

આમ આપણાં ચૈતન્યને ત્રણ દેહથી જુદો માની, શ્રીજીમહારાજના તેજરૂપી અક્ષરધામ સાથે એકતા કરીને તેમાં સદા સાકાર દિવ્ય મૂર્તિ શ્રીજીમહારાજને અખંડ ધારવા એ આપણી ઉપાસના થઇ.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

## પ્રકરણ ૧૧ - ઉપસંહાર

અંતે અક્ષરધામ તે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ છે. સગુણ રીતે સર્વવ્યાપક અને સર્વાધાર છે. અને નિર્ગુણ રીતે સૂક્ષ્મ કરતા પણ અતિ સૂક્ષ્મ છે. અને અન્વય રીતે સર્વેમાં રહેલ છે. શ્રીજીમહારાજ અને અક્ષરધામને કાર્ય-કારણનો સંબંધ છે, સ્વામી-સેવકનો નહીં. તેને જુદા જુદા નામે વર્ણવેલું છે. અને તેને સર્વાત્મા બ્રહ્મ કહે છે. પણ શ્રીજીમહારાજ તો તેના પણ આધાર છે. અક્ષરધામના અનંત, અખંડ, સનાતન, સચ્ચિદાનંદ, નિત્ય, અપ્રાકૃત, ગુણાતીત વગેરે વિશેષણો છે. મૂર્તિનું તેજ હોવાથી તે નિરાકાર છે. અને મૂર્તિમાન સાકાર મૂળઅક્ષર થી જુદા અને તેનાથી પર છે. અને વળી શ્રીજીમહારાજ મૂળઅક્ષરમાં પોતાના તેજ દ્વારા અન્વય રીતે રહેલા છે. માટે મૂળઅક્ષરને શ્રીજીમહારાજનું ધામ પણ કહે છે. જ્યાં શ્રીજીમહારાજ હોય એ અક્ષરધામનું મધ્ય કહેવાય. આપણા આત્માને નિરાકાર અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી એમ આપણી ઉપાસના છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# <u>પ્રકરણ ૧૨ - પરિશિષ્ટ</u>

ક્યા, ક્યા વચનામૃતમાંથી સાકાર અક્ષરબ્રહ્મને સમજવાના? અને ક્યા, ક્યા વચનામૃતમાંથી સાકાર અક્ષરબ્રહ્મથી પર તેના કારણ, આધાર, વ્યાપક, નિયંતા, દ્રષ્ટા ને આત્મા એવા જે શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મજ્યોતિ જે અક્ષરબ્રહ્મ સમજવા?

<u>નોંધ:</u> *પ્ર. = ગઢડા પ્રથમ વચનામૃત; સા. = સારંગપુર વચનામૃત; કા. = કારિયાણી વચનામૃત; લો. = લોયા વચનામૃત; પં. = પંચાળા વચનામૃત; મ. = ગઢડા મધ્ય વચનામૃત; વ. = વડતાલ વચનામૃત; અ. અમદાવાદ વચનામૃત; જે. = જેતલપુર વચનામૃત; છે. = ગઢડા છેલ્લા વચનામૃત*

**૧) સાકાર અક્ષરબ્રહ્મ** - આ વચનામૃતમાં સાકાર અક્ષરબ્રહ્મ સમજવા:

૧) પ્ર. ૭માં શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મમાં અન્વયપણે રહ્યા છે.

૨) પ્ર. ૨૧માં એ અક્ષર બીજેરૂપે કરીને પુરુષોત્તમની સેવામાં રહે છે. તે શ્રીજીમહારાજના પ્રકાશના નિરાકાર અક્ષરધામ છે. તે મૂળઅક્ષરમાં વ્યાપીને મૂળઅક્ષર દ્વારે સૃષ્ટિ કરાવે છે. તે સૃષ્ટિકર્તા મૂળઅક્ષર તે નિરાકાર મૂળઅક્ષરનું બીજું સ્વરૂપ છે અને તે સાકાર છે.

3) પ્ર. 33 પ્રશ્ન ૧, શ્રીજીમહરાજ અક્ષરરૂપે વર્તે છ.

૪) પ્ર. ૪૧ શ્રીજીમહારાજ અંતર્યામીરૂપે વર્તે છે.

૫) પ્ર. ૬3 ત્રીજા પ્રશ્નમાં, અક્ષરધામ નામે કહ્યા છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૬) પ્ર. ૬૪ અક્ષર કહ્યા છે.

૭) પ્ર. ૭૨ બીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે. અને ચોથી બાબતમાં અક્ષર બ્રહ્મના આત્મા છે. અને તે અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. ને તે અક્ષરથી ન્યારા છે. તે અક્ષર સાકાર જાણવા.

૮) સા. ૫ના બીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે.

૯) કા. ૮ નિર્ગુણ સ્વરૂપ અક્ષરનું આત્મા છે.

૧૦) કા. ૧૦ અક્ષર જેવો થાય છે.

૧૧) લો. ૪ના બીજા પ્રશ્નમાં અમારા જેવો થવાને અક્ષર પર્યંત કોઈ સમર્થ નથી.

૧૨) લો. ૭ ત્રીજા પ્રશ્નમાં અક્ષરથી પર શ્રીજીમહારાજને કહ્યા છે.

૧૩) લો. ૧૦ અમે અક્ષરના આત્મા છીએ.

૧૪) લો. ૧૩ અક્ષરને પણ ભગવાન ન કહેવાય.

૧૫) લો. ૧૫ અક્ષર કહ્યા છે.

૧૬) લો. ૧૭ અક્ષરને શ્રીજીમહારાજે પોતાની શક્તિ કહી છે.

૧૭) લો. ૧૮ અક્ષરનો ભાવ અમારે વિષે આવે એમ કહ્યું છે.

૧૮) અ. ૪ અક્ષરાદિક મુક્તના નિયંતા છીએ.

૧૯) અ. ૫ અક્ષરાદિક મુક્તને નિયમમાં રાખવા સમર્થ છે.

૨૦) અ. ૬ અક્ષરાદિકના સ્વામી ને પરબ્રહ્મ પુરુષોત્તમ તે જ આ સત્સંગમાં વિરાજમાન છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૨૧) પ્ર. ૫૧, પ્ર. ૬૩ના ત્રીજા પ્રશ્નમાં તથા સા. ૧૭ એ ત્રણેયમાં અક્ષરધામને નામે કહ્યા છે.

**૨) નિરાકાર અક્ષરબ્રહ્મ**

સાકાર અક્ષર બ્રહ્મથી પર, અને તેનું આત્મા, આધાર, વ્યાપકને દ્રષ્ટા જે શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ નિરાકાર અક્ષરધામ જે બ્રહ્મજ્યોતિ અક્ષરબ્રહ્મ જેમાં કહેલ છે તે વચનામૃતોની વિગત નીચે મુજબ છે.

૧) પરથારાની પેહલી બાબતઃ સચ્ચિદાનંદ, બ્રહ્મપુર, અમૃતધામ, પરમપદ, અનંત, અપાર, બ્રહ્મ, ચિદાકાશ એ નામે કહેલ છે.

૨) પ્ર. ૧ ત્રીજા પ્રશ્નમાં ભગવાનનું ધામ કહેલ છે.

૩) પ્ર. ૭ બ્રહ્મજ્યોતિ.

૪) પ્ર. ૮ના બીજા પ્રશ્નમાં જીવને ભગવાનના ધામમાં પહોંચાડવો એ અમને આવડે છે.

૫) પ્ર. ૯ પોતાના ધામને વિષે ઐશ્વર્ય તથા મૂર્તિઓ દેખાડે છે.

૬) પ્ર. ૧૨ તેજોમય ભગવાનનું ધામ તેને પામે છે.

૭) પ્ર. ૧૮ મુક્ત થઈને ધામમાં જશે.

૮) પ્ર. ૨૧ અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે.

૯) પ્ર. ૨૧ નિરાકાર એકરસ ચૈતન્ય છે. તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મ મહોલ કહીએ તથા અક્ષર તથા અક્ષરધામ નામ કહ્યું છે.

૧૦) પ્ર. ૩૧ના બીજા પ્રશ્નમાં, અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે મને પ્રત્યક્ષ મળ્યા છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૧૧) પ્ર. ૩૭ ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનની હજુરમાં રહે છે.

૧૨) પ્ર. ૪૦ પેહલા પ્રશ્નમાં, અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને મૂર્તિને વિશે નિમગ્ન રહેતો હોય.

૧૩) પ્ર. ૪૫ સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે.

૧૪) પ્ર. ૪૬ સર્વાધાર અને ચિદાકાશ શબ્દથી કહેલ  છે.

૧૫) પ્ર. ૫૬ પરમપદને પામે છે. તથા સ્વામિનારાયણ નામ ઉચ્ચારણ થાય તો પાપથી છૂટીને બ્રહ્મ મહોલને વિષે નિવાસ કરે છે.

૧૬) પ્ર. ૫૯ આ ભગવાન બ્રહ્મ મહોલાદિક ધામના પતિ છે.

૧૭) પ્ર. ૬૦ ભગવાનનું અતિશય મહાત્મ્ય જાણવું જોઈએ જે ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મ મહોલ તે સર્વ ધામના પતિ છે.

૧૮) પ્ર. ૬૩ પોતાની કાન્તિએ કરીને અન્વયપણે રહ્યા છે. ત્યાં કાન્તિ શબ્દોથી પોતાના પ્રકાશરૂપ ધામને કહેલ છે. તથા તે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને  પામ્યા એવા અનંત મુકતો ભગવાનની સેવાને વિષે રહે છે. ત્યાં અક્ષરધામ શબ્દથી કાન્તિ જે પ્રકાશ તેને કહેલ છે.

૧૯) પ્ર. ૬૪ આત્મા તથા બ્રહ્મ તથા દ્રષ્ટા નામથી કહેલ છે.

૨૦) પ્ર. ૬૬ બ્રહ્મસત્તારૂપ પ્રકાશ તે પુરુષોત્તમની મૂર્તિનો છે. તથા બીજી બાબતમાં એકાંતિક સંત ભગવાનની મૂર્તિને અક્ષરાતીત

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સમજે છે.

૨૧) પ્ર. ૭૧ના પાંચમા પ્રશ્નમાં, નિરાકાર, અક્ષરબ્રહ્મ, બ્રહ્મપુર, અક્ષરધામ શબ્દથી કહેલ છે. તથા છઠ્ઠી બાબતમાં ધામ તથા અક્ષરધામ શબ્દથી કહેલ છે.

૨૨) પ્ર. ૭૨ના બીજા પ્રશ્નમાં ભગવાન અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. તે શક્તિ શબ્દ શ્રીજીમહારાજના પ્રકાશ વાચક છે.

૨૩) પ્ર. ૭૩ પુરુષોત્તમ ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે. તથા નવમી બાબતમાં બ્રહ્મ થકી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત દર્શન થાય છે. તથા ૧૦ બાબતમાં બ્રહ્મનો પ્રકાશ દેખીને પુરુષોત્તમ ભગવાનથી બ્રહ્મમાં અધિકપણું માને.

૨૪) પ્ર. ૭૮ નવમા પ્રશ્નમાં અક્ષરાતીત છે. અગિયારમાં પ્રશ્નમાં આ ભગવાન ને આ સંત બ્રહ્મપુરાદિક ધામના નિવાસી છે. સોળમા પ્રશ્નમાં અક્ષરાતીત એવા જે આ પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે ને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે.

૨૫) સા. ૧૦ના બીજા પ્રશ્નમાં ધામ તથા શ્વેતદીપ એ બે નામે કહેલ છે.

૨૬) સા. ૧૧ના બીજા પ્રશ્નમાં સાધનની ન્યૂનતાવાળો અક્ષરધામને ન પામે.

૨૭) સા. ૧૨ બ્રહ્મને વિષે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન અખંડ વિરાજે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૨૮) સા. ૧૪ના પેહલા પ્રશ્નમાં ભગવાનની ઇચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે છે.

૨૯) સા. ૧૭ મહાતેજ જેવો થાય છે.

૩૦) કા. ૭ના ચોથા પ્રશ્નમાં પ્રકૃતિ પુરુષ તે અક્ષરબ્રહ્મના તેજમાં અદ્રશ્ય થઇ જાય છે. પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્ઘન તેજ રહે છે. પાંચમી બાબતમાં અક્ષરધામ શબ્દથી કહેલ છે.

૩૧) કા. ૮ સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય શબ્દથી કહેલ છે.

૩૨) લો. ૩૩ ધામ કહેલ છે. ત્રીજી બાબતમાં બ્રહ્મ મહોલ કહેલ છે.

૩૩) લો. ૪ પહેલા પ્રશ્નમાં અક્ષરધામ કહેલ છે.

૩૪) લો. ૭ બીજા પ્રશ્નમાં બ્રહ્મરૂપ થયો તેને જે ભગવાનની ભક્તિનો અધિકાર છે.

૩૫) લો. ૧૦ સર્વાત્મા બ્રહ્મ નામે કહેલ છે.

૩૬) લો.૧ ૨ પેહલા પ્રશ્નમાં ધામરૂપ અક્ષર તેને વિષે રહ્યો થકો પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે છે.

૩૭) લો. ૧૩ અક્ષરધામ તથા અક્ષર નામે કહેલ છે.

૩૮) લો. ૧૪ના પહેલા પ્રશ્નમાં તેજના સમૂહમાં દિવ્ય સિંહાસન ઉપર દિવ્ય મૂર્તિ પુરુષોત્તમ ભગવાન વિરાજે છે.

૩૯) લો. ૧૫ જીવ, પુરુષ, અક્ષર અને પુરુષોત્તમના તેજમાં ભેદ ઘણો છે.

૪૦) પં. ૧ અક્ષરબ્રહ્મ છે તે તો ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા રહ્યાનું ધામ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૪૧) પં. ૨ પોતાના આત્માને શુદ્ધ બ્રહ્મરૂપ માનીને ભગવાનનું ધ્યાન કરવું.

૪૨) પં. ૪ અક્ષરધામ નામે કહ્યું છે.

૪૩) પં. ૭ અક્ષરધામમાં જેવું આ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ આ પ્રત્યક્ષ જાણવું.

૪૪) મ. 3 બ્રહ્મ નામે કહ્યા છે.

૪૫) મ. ૯ અક્ષરધામ  નામે કહ્યા છે.

૪૬) મ. ૧૦ બ્રહ્મરૂપ પોતાની શક્તિ કહી છે અને એ બ્રહ્મને પોતાની કિરણ કહી છે.

૪૭) મ. ૧૧ ગુણાતીત જે ભગવાનનું ધામ ત્યાં ગુણથી પર એવું જે ધામ કેહતા મહારાજનો પ્રકાશ તેને ગુણાતીત નામે કહ્યા છે.

૪૮) મ. ૧3 એકરસ તેજને આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ નામે કહ્યું છે

૪૯) મ. ૨૨ ધામ નામે કહ્યું છે.

૫૦) મ. ૨૪ અક્ષરધામ નામે કહ્યું છે.

૫૧)  મ. ૨૫ બ્રહ્મપુર નામે કહ્યું છે.

૫૨) મ. 3૨ અક્ષરધામ નામે કહ્યું છે.

૫3) મ. 3૪ ધામ નામે કહ્યું છે.

૫૪) મ. 3૯ ચૈતન્યમય ને તેજોમય એવું ભગવાનનું ધામ કહ્યું છે.

૫૫) મ. ૪૨ અક્ષરધામ કહે છે, બીજી બાબતમાં અક્ષરબ્રહ્મ કહેલ છે. તથા જ્યાં અમારી મૂર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય કહેલ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૫૬) મ. ૪૭ ધામ કહ્યું છે.

૫૭) મ. ૪૮  પરમપદ તથા  શ્વેતદીપ નામે કહ્યું છે.

૫૮) મ. ૫૦ એકરસ પરિપૂર્ણ એવું બ્રહ્મસ્વરૂપ તથા તેજોમય એવું અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા પુરુષોત્તમ ભગવાન રહ્યા છે.

૫૯) મ. ૬૨ ધામને નામે કહેલ છે.

૬૦) મ. ૬૪ અક્ષરધામરૂપી તખ્ત તેમાં વિરાજમાન છે. તથા ત્રીજી બાબતમાં અક્ષરધામમાં રહ્યા થકા અનંત બ્રહ્માંડમાં દેખાય છે.

૬૧) મ. ૬૬ના  ૪ પ્રશ્નમાં અક્ષરધામ કહ્યું છે.

૬૨) મ. ૬૭ ધામ કહેલ છે.

૬૩) વ. ૭ ચિદાકાશને મધ્યે સદા ભગવાનની મૂર્તિ વિરાજમાન છે.

૬૪) વ. ૧૨ અનંતકોટી સૂર્ય , ચંદ્રમા ને અગ્નિને સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે સદા દિવ્યમૂર્તિ થકા વિરાજમાન છે.

૬૫) અ. ૫ અક્ષરધામ કહેલ છે.

૬૬) અ. ૬ પેહલા પ્રશ્નમાં અક્ષરધામ નામે કહેલ છે. તથા બીજા પ્રશ્નમાં બ્રહ્મમહોલ તથા અક્ષરબ્રહ્મ તથા ગોલોક નામે કહેલ છે.

૬૭) અ. ૭  બ્રહ્મ મહોલ તથા પુરુષોત્તમનું ધામ નામે કહ્યું છે.

૬૮) અશ્લાલી ૧  અક્ષરધામ નામે કહ્યું છે.

૬૯) જે. ૪  નિર્ગુણધામ કહ્યું છે.

૭૦) જે. ૫ અક્ષરધામને પમાડીએ છીએ.

૭૧)  છે. ૫ ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૭૨) છે. ૭ બ્રહ્મપુર ધામને વિષે ભગવાન સદા સાકાર મૂર્તિ વિરાજમાન છે. તથા ધામ શબ્દથી કહેલ છે. તથા ત્રીજી બાબતમાં છતે દેહે જ ધામને પામી રહ્યો છે.

૭૩) છે. ૯ અક્ષરધામ કહ્યું છે.

૭૪) છે. ૨૧ માયાને તરીને અક્ષરધામને પામે છે, તથા છઠ્ઠી બાબતમાં માયા પર દિવ્ય ધામ કહ્યું છે. સાતમી બાબતમાં ધામ શબ્દથી કહેલ છે.

૭૫) છે. ૨૨ ધામ નામે કહ્યું છે.

૭૬) છે. ૩૦ ચૈતન્યના તેજનો રાશિ છે તેને મધ્યે પુરુષોત્તમ ભગવાન સદા વિરાજે છે.

૭૭) છે. ૩૧ તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે. અને બ્રહ્મપુર તેજોમય ભગવાનનું ધામ કહ્યું છે. તથા તે અક્ષરધામને ગુણાતીત કહેતા ગુણથી પર એવું વિશેષણ આપ્યું છે.

૭૮) છે. ૩૩ તેજના મંડળને વિષે દિવ્ય મૂર્તિ એવા વાસુદેવ ભગવાનને વિષે એ ભક્તને સ્નેહ હોય.

૭૯) છે. ૩૫ સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે.

૮૦) છે. ૩૬ પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવાં.

૮૧) છે. ૩૭ ભગવાનના ધામમાં ભક્તોનો આકાર પણ ભગવાનના જેવો છે.

૮૨) છે. ૩૮ અક્ષરધામને વિષે જે ભગવાનનો મૂળ આકાર છે તે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તો મનુષ્યના જેવો છે.

૮૩) છે. ૩૯ પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે.

ઇત્યાદિક વચનામૃતોમાં બ્રહ્મ, ચિદાકાશ, બ્રહ્મ મહોલ સચ્ચિદાનંદ, બ્રહ્મપુર, સર્વાધાર તેજનો સમૂહ, મહાતેજ, શક્તિ, કાન્તિ, અક્ષરધામ, પરમપદ, કિરણ, અક્ષરબ્રહ્મ, બ્રહ્મજ્યોતિ, એકરસ તેજ, ચિદ્ ઘન તેજ ઇત્યાદિક વિશેષણોથી શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશરૂપ અક્ષરધામને સમજવું.

## ઈતિ!!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

तेजः पुंजेऽक्षरेधाम्नि नित्यं
कृष्णो विराजते ॥
तभ्द्रत्त्काश्च तदाकाराः सेवंते
स्वामिनं हितम्॥

પ્રકાશક: narayanleela.org